આજનો સુવિચાર

કોઈનું અપમાન કરતા પહેલા વિચારો કે તમે તમારું માન ગુમાવી રહ્યા છો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૫ જૂનાગઢ તા.૧૨-૧૨-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 305, Junagadh : Date : 12 December, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## રાજસ્થાનનાં મુખ્યમંત્રી અંગે આજે સસ્પેન્સનો અંત - સરપ્રાઈઝ ચહેરો આવશે ?




જયપુર તા.૧૨ : છતીસગઢ તથા રાજસ્થાનમાં મુખ્યમંત્રીપદનાં ચહેરા વિશે ભાજપ દ્વારા સરપ્રાઈઝ આપવામાં આવ્યા બાદ રાજસ્થાનમાં પણ આવી જ નીતિ અપનાવવામાં આવે છે કે કેમ તે વિશે ભારે સસ્પેન્સ સર્જાયુ છે. રાજસ્થાન ભાજપ વિધાનસભા પક્ષની બેઠક બપોરે મળશે અને તેમાં મુખ્યમંત્રીનું નામ નકકી થવાની સંભાવના છે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપ દ્વારા વિજય ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. છતીસગઢ તથા મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી જાહેર કરી દેવાયા છે. રાજસ્થાનમાં આંતરીક ખેંચતાણની અટકળો વચ્ચે નામ નકકી થઈ શકયુ નથી.

વિધાનસભા પક્ષની બેઠક ગઈકાલે રદ કરીને આજ પર પાછી ઠેલાતા ભારે ખેંચતાણની અટકળો વધુ દ્રઢ બની હતી. ભાજપ નેતાગીરીએ છતીસગઢમાં મુખ્યમંત્રી તરીકે આદિવાસી ચહેરો પસંદ કર્યો છે.મધ્યપ્રદેશમાં ઓબીસીને મુખ્યમંત્રી પદ સોંપવામાં આવ્યું છે. આ બન્ને નામ 'સરપ્રાઈઝ' હતા ત્યારે રાજસ્થાનમાં ચર્ચામાં છે તેવુ નામ પસંદ થશે કે કેમ તેના પર સવાલ છે. રાજસ્થાનમાં મુખ્યમંત્રીપદનાં દાવેદારમાં વસુંધરા રાજે, કેન્દ્રીય પ્રધાનો અર્જુનરામ, ગજેન્દ્રસિંઘ શેખાવત તથા અશ્વીની વૈષ્ણવના નામો છે. આજે વિધાનસભા પક્ષની બેઠકમાં મુખ્યમંત્રીનું નામ નકકી થશે ચાર વાગ્યે બેઠક રાખવામાં આવી છે.

ભાજપ હાઈકમાન્ડે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંઘ તથા સરોજ પાંડે તથા વિનોદ તાવડેને નિરિક્ષકો તરીકે મોકલ્યા છે. તમામ ધારાસભ્યોને ફરજીયાત હાજર રહેવા કહેવામાં આવ્યું છે.

આજની બેઠકમાં જ મુખ્યમંત્રીનુ નામ નકકી કરીને જાહેર કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રીપદ માટે ચાર નામોની ચર્ચા છે. તેમાંથી જ નામ નકકી થાય છે કે કોઈ સરપ્રાઈઝ નામ જાહેર થાય છે.તેના પર મીટ માંડવામાં આવી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે ફરી મુખ્યમંત્રી પદ મેળવવા નેતાગીરી પર જબરજસ્ત દબાણ સર્જયુ છે. વસુંધરાએ ચૂંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક કરીને ધારાસભ્યોનું સમર્થન હોવાનો આડકતરો ઈશારો પણ કરી દીધો છે.

## કાશ્મીરથી દિલ્હી સુધી કોલ્ડવેવ

નવી દિલ્હી, તા.૧૨: દેશભરમાં હવે શિયાળાએ જમાવટ શરૂ કરી છે છેલ્લા કેટલાક દિવસોથી ઘણા રાજ્યોમાં તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. દેશની રાજધાની દિલ્હી સહિત ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે. IMD અનુસાર, દિલ્હીમાં સિઝનની સૌથી ઠંડી સવાર હતી. તે જ સમયે, જમ્મુ-કાશ્મીરમાં પારો શૂન્યથી અનેક ડિગ્રી નીચે પહોંચી ગયો છે. દિલ્હી-NCRનો AQI ગંભીર શ્રેણીમાં પહોંચી ગયો છે. આ સાથે વિઝિબિલિટી ઓછી હોવાના કારણે ટ્રાફિકને પણ અસર થઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ઠંડી વધુ તીવ્ર બનશે.

દિલ્હીમાં મોસમની સૌથી ઠંડી સવાર નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાનનો પારો ૬.૫ ડિગ્રી સેલસિયસ નોંધાયો હતો જે સિઝનના સરેરાશ તાપમાન કરતાં ત્રણ ડિગ્રી ઓછો છે. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે.

## વિશ્વનાં સૌથી પ્રદુષિત ૧૦૦ શહેરોમાં ભારતનાં ૬૫ : ચીનનાં ૧૬

નવી દિલ્હી,તા. ૧૨: શિયાળો શરૂ થતાં ભારતના કેટલાંક મોટા શહેરમાં હવાની ગુણવતાનું સ્તર કથળતા માંડે છે. લગભગ ૬ વર્ષ પહેલા વિશ્વમાં સૌથી પ્રદૂષિત શહેરો ચીનમાં હતા.

વર્ષ ૨૦૧૭માં એર કવોલિટી ટ્રેકર એકયુએરના અહેવાલ મુજબ વિશ્વમાં સૌથી ખરાબ હવાની ગુણવત્તા ધરાવતા શહેરોની યાદીમાં ૭૫ શહેર ચીનના અને ભારતના ૧૭ શહેર હતા. જોકે, હવે ૬ વર્ષ પછી પરિસ્થિ

ાતિ બિલકુલ બદલાઈ ગઈ છે. વર્ષ ૨૦૨૨માં સૌથી પ્રદૂષિત ૧૦૦ શહેરોમાં ૬૫ ભારતના, જ્યારે ચીનના ફકત ૧૬ શહેરો હતા. ચીને કારની સંખ્યા ઘટાડવા ઉપરાંત કોલસા આધારીત પાવર પ્લાન્ટની સંખ્યા ઓછી કરીને હવાની ગુણવતાની પરિસ્થિતિસુધારી દીધી છે.


## ગુજરાતનાં દરિયા કિનારા નજીક ચીનનાં ૧૦૦થી વધુ જહાજોની ભેદી ગતિવિધિ : સુરક્ષા એજન્સીઓ એલર્ટ

મુંબઈ,તા.૧૨ : ભારતીય સંરક્ષણ પ્રતિષ્ઠાનને તાજેતરમાં ચિંતાજનક ટ્રેન્ડ્સ ધ્યાનમાં આવ્યા છે, જેમાં એ બાબત જોવા મળી છે કે અરબ સમુદ્રમાં મુંબઈ તથા ગુજરાતના તટ વિસ્તારની નજીક મોટી સંખ્યામાં ચીનની નૌકાઓ જોવા મળી છે.ઈન્ડિયન નેવલ ડિફેન્સ એડવાઈઝરી ગ્રુપ સાથે સંકળાયેલા સિનિયર નેવલ કમાન્ડરે ફ્રી પ્રેસ જર્નલને જણાવ્યું હતું કે મોટાભાગના ચાઈનિઝ જહાજો ૨૦૦ નૌટીકલ માઈલના અંતરની બહાર થોડા અંતરે છે, જ્યાં ભારતનો વર્તમાન એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન પૂરો થાય છે.

ફ્રી પ્રેસ જર્નલના અહેવાલ પ્રમાણે તેની શરૂઆત ખૂબ ઓછી સંખ્યામાં થઈ હતી, અલબત હવે તેમાં ૧૦૦-૧૫૦ સુધીના જહાજો છે. જોકે અધિકારીએ આ જહાજો ક્યાંથી આવી રહ્યા છે તે અંગે માહિતી આપી ન હતી. નાના કદના જહાજો ઈંધણ વગર લાંબી યાત્રા કરી શકતા નથી અને ગુજરાતના તટ વિસ્તારથી કરાંચી પણ બહુ દૂરના અંતરે નથી. ચાઈનિઝ જહાજોની ઉપસ્થિતિ અંગે સંબંધિત એજન્સીઓને ધ્યાન દોરવામાં આવી રહ્યું છે. તે સાથે ઈન્ટેલના અહેવાલોમાં ચેતવણી પણ આપવામાં આવી છે કે માછીમારી સાથે સંકળાયેલા ચાઈનિઝ જહાજો પણ 'મિની સ્પાઈ શિપ્સ' તરીકે કામ કરે છે,

ગુપ્ત સ્થાનો પર બિછાવવામાં આવેલી પાઈપલાઈન તથા ભારતીય પોર્ટ્સ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ અંગેની માહિતી મેળવી શકે છે. આ ઉપરાંત દરિયાના પાણીમાં રહેલી સબમરીનના લોકેશનથી લઈ તેને લગતી વિગતો માટે પણ આ મિની સ્પાઈ શિપ્સ કામ કરી શકે છે. વેસ્ટર્નલ નેવલ કમાન્ડર પાણીમાં ચીનના જહાજોની ઓચિંતા જ વધી ગયેલા પ્રભાવ અંગે ચાંપતી નજર રાખી રહ્યા છે તથા દક્ષિણ ચીન સમુદ્રની રણનીતિની જેમ ગ્રે ઝોનમાં ચીનના જહાજોની સંખ્યા વધવાના સંકેતોની તપાસ કરવા કેટલાક ફ્રન્ટ લાઈન વોરશીપ્સને કામે લગાડી દીધા છે.

## પેટ્રોલ - ડીઝલનાં ભાવ ઘટાડવામાં આવે તેવી શકયતા




નવી દિલ્હી,તા.૧૨:પેટ્રોલ - ડિઝલના ભાવ ઘણા સમયથી સ્થિર છે, સ્થિરનો મતલબ ઉંચા ભાવમાં ઘટાડો થયો નથી. જો કે પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૨૪ લોકસભા ચુંટણી પહેલા ફયૂઅલના ભાવોમાં ઘટાડો થઈ શકે છે. ક્રુડ ઓઈલના ભાવોમાં જે સુસ્તી જોવા મળે છે તેનો ફાયદો વપરાશકર્તાઓને મળી શકે છે. ફયૂઅલ વેચતી કંપની ઓએમસીને વર્તમાન સેટ થયેલા ભાવોથી સારા પ્રમાણમાં આવક થાય છે.

આ અંગે આર્થિક મંત્રાલયમાં ફયૂઅલના ભાવો સમિક્ષા થાય તેવી શકયતા છે. ઓએમસીને સતત નુકસાન થઈ રહયું હતું તે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ગત ત્રિમાસિક હિસાબમાં ઓએમસી-આઈઓસી-એચપીસીએલ અને બીપીસીએલનો નફો ૨૮૦૦૦ કરોડ રૂપિયા હતો. ઓએમસીને ફાયદો થઈ રહયો છે જયારે અંડર રિકવરી પણ શુન્ય છે. તેની પરિસ્થિતિમાં વપરાશકર્તાઓને તેનો લાભ મળે તે જરૂરી છે. પેટ્રોલ ડિઝલમાં કિંમત ઓછી કરવાથી મોંઘવારી ઘટાડવામાં મદદ મળશે.

## જો ગાઝામાં યુધ્ધ રોકવામાં ન આવ્યું તો મોટો વિસ્ફોટ થશે : ઈરાને ધમકી આપી

તહેરાન તા.૧૨ : ઈરાને ઈઝરાયેલને ફરી એકવાર ધમકી આપી છે. ઈરાનનાં વિદેશમંત્રી હોસેન અમીરાબ્દુલ્લાહિયાને ગઈકાલે ધમકી આપી છે કે જો ગાઝામાં યુદ્ધ નહિં રોકાયું તો થશે મોટો ધમાકો. તેમનું કહેવુ હતુંકે આ એક વિસ્ફોટક પરિસ્થિતિ હશે જેને નિયંત્રીત કરવી મુશ્કેલ બનશે. દોહા ફોરમમાં બોલતા તેમણે જણાવ્યું હતુ કે સંઘર્ષનો વિસ્તાર પહેલાથી જ લેબનોન અને યમનને શામેલ કરવા માટે વિસ્તારીત થઈ ગયો છે. પત્રકારનાં સવાલનાં જવાબમાં હોસેને જણાવ્યું હતું કે કોઈપણ સમયે ક્ષેત્રમાં એક મોટા વિસ્ફોટ થવાની સંભાવના છે. જેને કોઈપણ પાર્ટી દ્વારા નિયંત્રીત નહી કરી શકાય. હોસેને કહ્યું હતુ કે ઈઝરાયેલ ભલે ૧૦ વર્ષ સુધી લડતુ રહે. હમાસને હરાવી નહિં શકે. તેમણે ઈઝરાયેલને અમેરીકાનુ એક ક્ષેત્રીય પ્રોકસી બતાવી કહ્યું હતું કે તેને ઈઝરાયેલને કયારેય એક દેશ તરીકે માની ન શકાય. હમાસ અનેક વર્ષ સુધી લડવા માટે તૈયાર છે તેની એટલી ક્ષમતા છે કે તે હથીયારોનું ઉત્પાદન નહિં કરે. અને ખરીદી શકે છે. ઈરાનના વિદેશ મંત્રીએ અમેરીકાને ઈઝરાયેલને સમર્થન આપવાનું છોડી દેવા અપીલ કરી હતી.

## સરકારે લોકસભામાંથી ભારતીય ન્યાય સંહિતા સહિતનાં ત્રણ ખરડા પરત ખેંચ્યા

નવી દિલ્હી તા. ૧૨


દેશમાં બ્રિટીશ સમયથી ચાલતા જુના પુરાણા ક્રિમીનલ પ્રોસીજર કોડ (આઈપીસી) સહિતના ત્રણ કાનુનનું સ્થાન લેનાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ભારતીય સાક્ષ્ય બિલ ૨૦૨૩ અને ભારતીય ન્યાય સંહિતા બિલ ૨૦૨૩ સરકારે લોકસભામાંથી પરત ખેચ્યા છે અને આ ત્રણેય પ્રસ્તાવિત ખરડા અંગે સંસદીય કમીટીએ જે સુધારા ભલામણ કરી છે તે મુજબ નવા ખરડા તૈયાર કરીને ફરીથી સંસદમાં રજુ કરાશે. સરકારે સંસદના ચોમાસુ સત્રમાં ફરી રજુ કરાશે. સંસદીય સમીતીએ અનેક જોગવાઈઓ સામે વિરોધનોંધ મુકી હતી. ભારતીય ન્યાય સંહિતા ખરડો ૨૦૨૩ તે ઈન્ડીયન પીનલ કોડનું સ્થાન લેનાર હતો. એક સુધારામાં માનસિક રોગના દર્દીને કાનુની કાર્યવાહીમાંથી મુક્તિ આપવાનો સરકારે પ્રસ્તાવ કર્યો હતો પણ માનસીક રોગની વ્યાખ્યા વિસ્તૃત થઈ શકે તેવી દલીલ બાદ અનસાઉડેડ માઈન્ડ અસ્થિર મગજના વ્યક્તિને જ આ પ્રકારની ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિની કલમ ફરી ઉમેરવા અને શબ્દનો જે ફેરફાર થયો હતો તે રદ કરાશે.

## કેરળનાં મુખ્યમંત્રીએ મારા પર હુમલો કરાવ્યો ગવર્નર આરીફ મહંમદ ખાનનો આક્ષેપ

કોચી, તા.૧૨: કેરળના ગવર્નર આરિફ મોહમ્મદ ખાને મુખ્યમંત્રી પિનરાઈ વિજયન પર તેમની વિરુદ્ધ હુમલા કરવા માટે SFI કાર્યકરોને મોકલવાનો આરોપ લગાવ્યો હતો. આ ઘટના એક સત્તાવાર કાર્યક્રમ પછી બની હતી, જ્યાં SFI કાર્યકરોએ રાજ્યપાલના કાફલાને અટકાવ્યો હતો. ખાને કહ્યું કે તેમને મુખ્ય પ્રધાન દ્વારા તેમના સુરક્ષા કર્મચારીઓ સાથે શારીરિક રીતે નુકસાન પહોંચાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ગત સોમવારની રાત્રે જે જોવા મળ્યું તે કેરળમાં પહેલા કયારેય જોવા મળ્યું ન હતું. ગુસ્સે ભરાયેલા ગવર્નર આરિફ મોહમ્મદ ખાને પોતાનો ગુસ્સો ગુમાવ્યો અને મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન પર હુમલો કર્યો કારણ કે વિરોધ કરી રહેલા SFI કાર્યકરોએ સત્તાવાર કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરતી વખતે તેમના કાફલાને અટકાવ્યો હતો. રાજ્યપાલે કહ્યું, મુખ્યમંત્રી મને શારીરિક નુકસાન પહોંચાડવા માટે આ ષડયંત્ર રચી રહ્યા છે, જેમ કે તેમણે કન્નુરમાં કર્યું હતું. મને શારીરિક ઈજા પહોંચાડવા માટે મુખ્યમંત્રીની સૂચના પર SFI ના કાર્યકરો આવ્યા હતા.

## મેડિકલેઈમમાં હવે કોઈપણ હોસ્પિટલમાં કેશલેસ સારવાર થઈ શકશે




મુંબઈ તા.૧૨ : અનેક હોસ્પીટલો અન્ય ચોકકસ વિમા કંપની સાથે જ કેશલેસ સારવારના કરાર છે તેવું જણાવી કરારમાં સામેલ ના હોય તે વિમા કંપનીઓની મેડીકલેમ પોલીસી ધરાવતા દર્દીને કેશલેસની સુવિધા નહી આપવાનું બહું જલ્દી ભૂતકાળ બની જશે. વિમા ઓથોરીટી દ્વારા જે નવો નિયમ અમલી બનાવવામાં આવી રહ્યો છે તે મુજબ તમારી પાસે મેડીકલેમ અને તેમાં કેશલેસ સારવારનો વિકલ્પ હોય તો કોઈ હોસ્પીટલ પછી કેશલેસ સારવારનો ઈનકાર કરી શકશે નહી. તા.૧ જાન્યુઆરીથી આ નવો નિયમ અમલી બની જશે.

અનેક હોસ્પીટલે તેની પેનલમાં હોય તે જ વિમા કંપનીઓની પોલીસી પર કેશલેસ સારવાર આપે છે જેથી જો હોસ્પીટલ પેનલમાં ના હોય તેવી વિમા કંપનીની પોલીસી ધરાવનાર દર્દીએ ફરજીયાત એડવાન્સ પેમેન્ટ કરવું પડે છે. હાલ વિમા કંપનીએ અલગ અલગ હોસ્પીટલો સાથે અલગ અલગ કરાર અને તેવા ટ્રીટમેન્ટના દર તથા પેકેજ હોય છે અને તેમાં હવે ઈરડાના પ્રસ્તાવ મુજબ જો જે તે હોસ્પીટલમાં તમારી વિમા કંપની પેનલ મરનાર હોય તો પણ તે જે પેનલ પરની વિમા કંપની હોય તેના જે સારવાર પેકેજ દર હોય તે તમારા પર લાગું કરીને પણ કેશલેસ સારવાર આપશે.

ભારતમાં કેશલેસ સારવારની લોકપ્રિયતા વધતી જાય છે. ૫૩% દર્દીઓ આ પ્રકારની સારવાર મેળવે છે તેના પરિણામે હવે ઈરડા એક 'કોમન લીસ્ટ' તૈયાર કરશે જેમાં દરેક વિમા કંપનીઓ અને દરેક હોસ્પીટલો સામેલ હશે.

## રીકવરી એજન્સીઓને ફટકો : હપ્તો ન ભર્યો હોય તો પણ એજન્ટો વાહન નહી ઉઠાવી શકે

નવી દિલ્હી,તા.૧૨:

લોન પર કાર લઈને હપ્તા ન ભરનાર લોકોની એજન્ટો ગાડી ઉઠાવી જાય છે. ગુજરાતમાં આ કોમન છે રિકવરી એજન્સીઓ દાદાગીરી કરીને ઘરેથી વાહન લઈ જાય છે પણ પટણા હાઈકોર્ટે જબરદસ્ત ચૂકાદો આપ્યો છે. ઘણીવાર લોન પર કાર, મોટરસાયકલ વગેરે ખરીદનારા લોકો કોઈ કારણસર કાર લોનના હપ્તા સમયસર ચૂકવી શકતા નથી. અને કેટલીકવાર કાર ખરેખર ખેંચવામાં આવે છે. અને આ લોન આપતી બેંકો અથવા ફાઈનાન્સ કંપનીઓના એજન્ટો દ્વારા કરવામાં આવે છે. પરંતુ પટના હાઈકોર્ટે તેના એક નિર્ણયમાં આ એજન્ટ રિકવરી સિસ્ટમ પર બેંકો અને ફાઈનાન્સ કંપનીઓને ફટકાર લગાવી છે. દંડ પણ ફટકારવામાં આવ્યો છે. કોર્ટ કહે છે કે 'એજન્ટો દ્વારા કોઈનું વાહન જપ્ત કરવું અથવા છીનવવું એ ગેરકાયદેસર છે અને તેના જીવવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે.'

મહાયોગી વિરેચન ચૂર્ણ



દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકર થાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો



કોન્ટેક્ટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝાની સામે, મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પશ્ચિમ દેશોનો ખાલિસ્તાન પ્રેમ ભારત માટે ખતરો

હવે એમાં કોઈ શંકા નથી રહી કે કેનેડા, બ્રિટન, અમેરિકા વગેરેમાં ખાલિસ્તાની ચરમપંથી આ દેશોની સરકારોના ખુલ્લા સમર્થનથી પોતાની ભારત વિરોધી ગતિવિધિઓને અંજામ આપી રહ્યા છે. આ દેશો એ ખાલિસ્તાની અતિવાદીઓની અરાજક ગતિવિધિઓ પ્રત્યે જાણીજોઈને આંખો મીંચી રાખે છે, જે ભારત માટે ખતરો છે. તેનું તાજું ઉદાહરણ છે શીખ ફોર જસ્ટિસના પ્રમુખ ગુપતવંત સિંહ પન્નુ દ્વારા આપવામાં આવેલી ધમકી કે શીખો ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયાના વિમાનોમાં યાત્રા કરવાથી બચે. અમેરિકાની સાથે કેનેડાની પણ નાગરિકતા ધરાવતો પન્નુ એમ કહેવા માંગતો હતો કે એ દિવસે એર ઈન્ડિયાના વિમાનોના એ જ હાલ થઈ શકે છે, જે કનિષ્ક વિમાનના થયા હતા. ૧૯૮૫માં એર ઈન્ડિયાના આ વિમાનને ખાલિસ્તાની આતંકીઓએ આકાશમાં જ બોમ્બથી ઉડાવી દીધું હતું. તેમાં ૩૨૯ લોકો માર્યા ગયા હતા. પન્નુની આ ધમકી બાદ પણ ના તો અમેરિકાએ કંઈ કર્યું કે ના કેનેડાએ. ઉપરથી એક નવું ગતકડું વહેતું મૂકાયું કે કોઈ ભારતીય દ્વારા પન્નુને મારવાની કોશિશ કરવામાં આવી હતી. એવું જ ગતકડું ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડા સરકારે છોડ્યું હતું.

અમેરિકા, કેનેડા, બ્રિટન વગેરેમાં ખાલિસ્તાનીઓ કઈ રીતે બેલગામ છે, તેની જાણ ગત દિવસોમાં ન્યૂયોર્કના ગુરુદ્વારામાં ભારતીય રાજદૂત સાથે ધક્કામુક્કીની કોશિશથી થાય છે. થોડા સમય પહેલાં બ્રિટનના એક ગુરૂદ્વારામાં પણ ભારતીય રાજદૂત સાથે ગેરવર્તન થયં હતું. એના પહેલાં પણ બ્રિટન, અમેરિકા અને કેનેડામાં ભારતના દૂતાવાસો સમક્ષ ખાલિસ્તાન સમર્થકો અરાજકતા ફેલાવી ચૂક્યા છે. જ્યાં સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના વાણિજ્ય દૂતાવાસમાં આગચંપી કરવામાં આવી હતી, ત્યાં જ લંડનમાં ભારતીય દૂતાવાસ પર હુમલાની કોશિશ દરમ્યાન ભારતીય ધ્વજનો અનાદર કરવામાં આવ્યો હતો. ખાલિસ્તાની ચરમપંથી કેનેડામાં પણ ભારતીય દૂતાવાસ પર બોમ્બ ફેંકી ચૂક્યા છે. તે ઉપરાંત તેઓ કેનેડામાં કાર્યરત ભારતીય રાજદ્વારીઓનાં પોસ્ટર લગાવીને તેમને મારી નાખવાની ધમકીઓ આપતા રહે છે. કેનેડા સરકાર આ બધી હરકતોને અભિવ્યક્તિની સ્વતંત્રતાના દાયરામાં ગણાવી દે છે.

જોકે કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકાર રાજકીય કારણોસર ખાલિસ્તાન સમર્થકો પર કંઈક વધુ પડતી જ મહેરબાન છે, તેથી તે સંપૂર્ણ રીતે બેલગામ થઈ ગયા છે. આ તેમના વધતા દુસ્સાહસનું જ પ્રમાણ છે કે તેઓ કેનેડામાં હિંદુ મંદિરોને પણ નિશાનો બનાવવા લાગ્યા છે. હાલમાં જ દિવાળીના અવસરે પણ કેનેડાના હિંદુ મંદિરો સમક્ષ ખાલિસ્તાની તત્ત્વોએ ન માત્ર ઉગ્ર પ્રદર્શન કર્યા, બલ્કે હિંદુઓને મંદિરોમાં જવાથી રોકવાની પણ કોશિશ કરવાની સાથે ભારતીય ધ્વજનો અનાદર પણ કર્યો. કેનેડા, અમેરિકા, બ્રિટન વગેરે દેશોમાં સક્રિય ખાલિસ્તાની ક્યારેક ભારતીય ધ્વજ બાળે છે તો ક્યારેક તેને ફૂટબોલમાં લપેટીને તેનાથી રમે છે. આવી હરકતો જોઈને કોઈપણ ભારતીયનું લોહી ઉકળી ઉઠે. ગત દિવસોમાં કેનેડામાં હિંદુ સમુદાયના લોકો ખાલિસ્તાનીઓ વિરૂધ્ધ સડકો પર પણ ઉતર્યા હતા. ખાલિસ્તાન સમર્થકોની હરકતો જેહાદીઓ જેવી થઈ ગઈ છે. તેઓ ભારત સરકાર જ નહીં, ભારતની પણ ઘૃણા કરે છે અને હિંદુઓને લાંછિત-અપમાનિત કરવામાં ગર્વ અનુભવે છે. તેઓ એ શીખોને પણ ધમકાવે અને આતંકિત કરે છે જે ખાલિસ્તાનની માંગને બકવાસ ગણાવે છે.

ખાલિસ્તાનીઓની હરકતો અને વિશેષ રૂપે તેમના તરફથી ભારતીય ધ્વજનું અપમાન કરવાને કારણે ન માત્ર વિદેશમાં રહેતા ભારતીયો, બલ્કે ભારતના લોકોમાં પણ આક્રોશ વધી રહ્યો છે. દેશ કે વિદેશમાં ક્યારેય પણ એવું થઈ શકે છે કે ખાલિસ્તાનીઓથી ખાર ખાધેલા લોકો તેમના ઝંડા સાથે એ જ વ્યવહાર કરે, જેવો તે ભારતના રાષ્ટ્રીય ધ્વજ સાથે કરે છે. જો જાણે અજાણે એવું થાય છે તો તે એટલા માટે સારૂ નહીં કેહવાય, કારણ કે ખાલસા પંથના ઝંડામાં પણ નિશાન સાહિબ એટલે કે ખંડા ચિત્રિત હોય છે અને ખાલિસ્તાનના ઝંડામાં પણ. જ્યાં ખાલસા પંથનો ધ્વજ કેસરિયા રંગનો ત્રિકોણ આકારનો હોય છે, ત્યાં જ ખાલિસ્તાની ઝંડો પીળા કલરનો લંબચોરસ હોય છે. શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટી એટલે કે એસજીપીસી અને અકાલ તખ્ત જેવી સંસ્થાઓએ એ અવાજ ઉઠાવવો જોઈએ કે ખાલિસ્તાની પોતાના ઝંડામાં પવિત્ર નિશાન સાહિબનો ઉપયોગ કરવાનું બંધ કરે. દુર્ભાગ્યે અત્યાર સુધી આવો કોઈ અવાજ સાંભળવા નથી મળ્યો. જો એસજીપીસી અને અકાલ તખ્ત જેવી સંસ્થાઓ નિસાન સાહિબના સન્માનને જાળવી રાખવા માગે છે તો તેમણે તાત્કાલિક પ્રભાવથી આ ચેતવણી જારી કરવી જોઈએ કે ખાલિસ્તાની પોતાના ઝંડામાં નિશાન સાહિબનો ઉપયોગ કરવાનું તરત બંધ કરે.

ખાલિસ્તાનીઓ તરફથી પોતાના ઝંડામાં નિશાન સાહિબનો ઉપયોગ કરવો એવી જ નાપાક હરકત છે, જેવી ખૂંખાર આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટના આતંકી કરે છે. તેમણે ઈસ્લામિક સ્ટેટના પોતાના કાળા રંગના ઝંડામાં અરબી ભાષામાં કુરાનની એક આયત અંકિત કરી છે. તેને શહાદા કહે છે. તેને ઈસ્લામનું મૂળ વક્તવ્ય માનવામાં આવે છે. કેટલાક વર્ષ પહેલાં રાજૌરીમાં ઈસ્લામિક સ્ટેટ સમર્થકો તરફથી આ આતંકી સંગઠનના ઝંડા રહી-રહીને લહેરાવવાથી ગુસ્સે ભરાયેલા હિંદુ સંગઠનોએ એવા જ એક ઝંડાને સળગાવી દીધો હતો. તેનાથી રાજૌરીમાં હિંસા ભડકી ઊઠી હતી, કારણ કે કેટલાય મુસ્લિમ સંગઠનો એમ કહેતાં સડકો પર ઉતરી આવ્યાં હતાં કે ઈસ્લામિક સ્ટેટના ઝંડામાં શહાદા અંકિત હતો અને એવા ઝંડાને બાળીને તેનું અપમાન કરવામાં આવ્યું. ઈસ્લામિક સ્ટેટના ઝંડાને બાળનારા લોકોને તેની ખબર ન હતી કે આ ઝંડામાં કોઈ પવિત્ર આયતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમણે માફી પણ માંગી, પરંતુ તેમ છતાં પણ રાજોરીમાં કેટલાય દિવસ સુધી તણાવ ચાલુ રહ્યો.

# રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ નવથી બારના વર્ગો વધારાનું સરળીકરણ થયું : આગામી સમયમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓનો થશે વધારો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ગુજરાત રાજ્યની ૫,૩૦૦ થી વધુ ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગ વધારા બાબતે રાજ્ય સરકારે ખાસ નિર્ણય લઈ અને અત્યંત સરળીકરણ કરતા રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં આગામી સમયમાં વિદ્યાર્થીઓનો મોટી સંખ્યામાં વધારો થશે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪ ના સમયગાળામાં શિક્ષણ વિભાગના સઘન પ્રયાસોથી ડ્રોપ આઉટ રેશિયો ઘટીને માત્ર પાંચ જ ટકા રહ્યો છે. જેથી આગામી સમયમાં ધોરણ ૯ થી ૧૨ માં વર્ગો વધારવા પડશે. રાજ્ય સરકારે સરકારી પ્રાથમિક શાળાઓની જેમ જ આધાર ડાયઝ તથા ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધતા તે અનુસાર ઝડપથી વર્ગ વધારો મળે તેવી સરળ તથા ઝડપી વ્યવસ્થા પોર્ટલ ઊભું કરીને નવા વર્ષથી કરાશે.

શાળાઓમાં નવા વર્ગો વધારાની ઓનલાઈન મંજૂરીઓ આપવામાં આવશે તથા જે-તે વર્ષના ૩૧ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થશે. જૂન માસમાં શાળાઓ થતી હોય છે. ત્યારે આ નવી સરળ પ્રક્રિયામાં નવો વર્ગ મંજૂર થતા તેના ઉપલા ધોરણનો વર્ગ પણ સાથોસાથ મંજૂર થશે. જેમકે ધોરણ ૯ નો વર્ગ મંજૂર થાય તો તેની સાથે ધોરણ ૧૦ ની મંજુરી તથા ધોરણ ૧૧ મંજૂર થાય તો તેની સાથે ધોરણ ૧૨ પણ મંજુર થશે.અગાઉ બજેટ મંજૂર થયા પછી દરખાસ્તો મંગાવી અને વર્ગ વધારો મંજુર થતો હતો. જેમાં એક સત્ર ચાલ્યું જતું હતું. જેના કારણે નવા વર્ગો મંજૂર ન થતા પ્રવેશના પ્રશ્નો ઊભા થતા હતા. જેના કારણે બિનસરકારી ગ્રાન્ટેડ શાળાના અસ્તિત્વ સામે ખતરો ઉભો થયો હતો. હાલ તેનું પણ નિરાકરણ થશે.

રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ જે.પી. પટેલ, અગ્રણી ભરતભાઈ ચૌધરી, ભાનુભાઈ પટેલ, રાજ્ય મીડિયાના કન્વિનર નરેનસિંહ તથા દ્વારકા જિલ્લાના જગમાલભાઈ ભેટારીયા, કે.ડી. ગોકાણી, ઈલેશભાઈ નકુમ, દિનેશભાઈ જોશી, બી.પી. સોનગરા વિગેરેએ આ નિર્ણયને આવકાર્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગમાં ગ્રાન્ટેડ શાળાઓ માટેનો આ નિર્ણય ખૂબ જ ફાયદાકારક બની રહેશે તેવું જાણકારોનું માનવું છે.

# હાલાર રાજપૂત સમાજના હોદ્દેદારોની વરણી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

જામનગર હાલાર રાજપૂત સમાજના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે પીઢ ક્ષત્રિય અગ્રણી પી.એસ. જાડેજા, ઉપપ્રમુખ તરીકે નવલસિંહ પોપટભા જાડેજા, સેક્રેટરી તરીકે ગીરૂભા માનભા જાડેજા, જોઈન્ટ સેક્રેટરી તરીકે પ્રવિણસિંહ રાજપુત શક્તિવારાની તમામ કારોબારીના સભ્યો દ્વારા વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજપૂત સમાજના ભામાશા અને પૂર્વ રાજ્ય મંત્રી હકુભા જાડેજા વિગેરેએ તમામ હોદ્દેદારોને આવકારીને શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે સાથે નવનિયુક્ત હોદ્દેદારોનું પાઘડી તથા ફૂલહાર વડે સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર ખાતે સ્ટાર્ટઅપ કોન્કલેવમાં ભાગ લેતા ભેંસાણની સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ




(પ્રતિનિધી દ્વારા)

ભેંસાણ તા.૧૨

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પ્રી-વાઈબ્રન્ટ સમિટ હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે "સ્ટાર્ટ અપ કોન્કલેવ ૨૦૨૩"નું આયોજન કરવામાં આવેલ હતુ. આ કોક્લેવમા સી એમ ભુપેન્દ્ર પટેલની ઉપસ્થીતિમાં ભેંસાણની સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. કોલેજના વિદ્યાર્થીઓને પણ આ કોક્લેવ સ્ટાર્ટઅપ માટેની પ્રક્રિયા અને કામગીરી માટેનો એક પ્રેરણા અને એક્સ્પોઝર મળે તેવા ઉમદા હેતુથી સ્ટાર્ટઅપ કોન્કલેવ નુ આયોજન કરવામા આવેલ હતુ.

જેમાં ભારતમાંથી પાંચ હજાર જેટલા સ્ટાર્ટઅપે ભાગ લીધો હતો.જેનું અલગ અલગ ડોમમાં એક્ઝિબિશનમાં રાખેલુ હતુ. જેમા કોર્ડીનેટર ડો.સચિન પીઠડીયા કોલેજના વિદ્યાર્થીઓને એ સ્ટાર્ટઅપ વિશે પ્રેક્ટીકલ માર્ગદર્શન આપ્યુ હતું. જેનાથી વિદ્યાર્થીઓ પણ કોલેજ કક્ષાએ નાના સ્ટાર્ટઅપ ઉભા કરી શકે અને "મેક ઈન અને મેડ ઈન ઈન્ડિયા" ના સંકલ્પને શાકાર કરી શકે તેવો ઉમદા હેતુ હતો.

# વચગાળાના જામીન પર છુટીને ફરાર થઈ ગયેલો ગુજસીટોકનો આરોપી દ્વારકા પંથકમાંથી ઝડપાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ઓખા મંડળમાં થોડા સમય પૂર્વે જિલ્લા પોલીસ દ્વારા આતંક મચાવનાર બિચ્છુ ગેંગને પકડી પાડી, આ ગેંગના શખ્સો સામે ગુજસીટોકના કાયદા અન્વયે કડક કાર્યવાહી કરી હતી. આ અંતર્ગત ઓખા મંડળના આરંભડા સીમ વિસ્તારમાં રહેતા વનરાજભા પાલાભા સુમણીયા નામના ૩૫ વર્ષના શખ્સ સામે પણ આઈ.પી.સી. કલમ ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૪૨, ૧૨૦ (બી) ઉપરાંત જી.પી. એક્ટની કલમ વિગેરે હેઠળ ગુનો નોંધાયો હતો. આ પ્રકરણમાં ઉપરોક્ત આરોપીને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

આરોપી વનરાજભા સુમણીયા દ્વારા તારીખ ૨૩ જૂન ૨૦૨૩ ના રોજ ૧૪ દિવસના વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ તારીખ ૭ જુલાઈ ૨૦૨૩ ના રોજ લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પરત ફરવાની બદલે ફરાર થઈ જતા છેલ્લા પાંચેક માસથી ફરાર એવા ઉપરોક્ત આરોપીને ઝડપી લેવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પોલીસે સઘન કાર્યવાહી કરી હતી. જે અંતર્ગત પી.એસ.આઈ. એસ.વી. ગળચરની ટીમ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં એ.એસ.આઈ. અરજણભાઈ મારુ, હેડ કોન્સ્ટેબલ ડાડુભાઈ જોગલ તથા મશરીભાઈ છુછરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત આરોપીને દ્વારકા તાલુકાના રાજપરા ગામની સીમમાં રહેતા તેના સસરા કાનાભા સવાભા માણેકની વાડીના મકાનમાંથી દબોચી લીધો હતો.

કાચા કામના આરોપી વનરાજભા સુમણીયાની અટકાયત કરી, તેને લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. એસ.વી. ગળચર, બી.એમ. દેવમુરારી, એસ.એસ. ચૌહાણ, અરજણભાઈ મારુ, ડાડુભાઈ, અજીતભાઈ, મસરીભાઈ, ગોવિંદભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# યુવા કાર્યકર સંદીપ બેરાની હાલાર વિસ્તારના એ.બી.વી.પી. સંયોજક તરીકે વરણી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું રાષ્ટ્રીય અધિવેશન તાજેતરમાં દિલ્હી ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશની કારોબારી બેઠક પણ યોજવામાં આવી હતી. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સક્રિય યુવા કાર્યકર સંદીપ બેરાને જામનગર વિભાગ સંયોજકની મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડવામાં સંદીપભાઈ બેરાની મહત્વપૂર્ણ ભૂમિકા રહ્યા બાદ હવે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા સાથે સમગ્ર હાલાર પંથકમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય વિચારો સાથે જોડવામાં આવશે. સાથે સાથે સંગઠનના કાર્યનો વ્યાપ પણ વધારવામાં આવશે.

સંદીપભાઈ દ્વારા અગાઉ જિલ્લા સંયોજક તરીકે વિદ્યાર્થી પરિષદના માધ્યમથી દ્વારકા જિલ્લામાં પરિષદ કી પાઠશાલા, સેવાકાર્યો, ઐતિહાસિક તિરંગા યાત્રા, છાત્રાઓ માટે સેલ્ફ ડિફેન્સની તાલીમ તેમજ વિદ્યાર્થી હિતની અનેક રજૂઆત અને આંદોલન કરવામાં આવ્યા હતા. ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના સુપુત્ર સંદીપભાઈ બેરાની આ વરણીને વિવિધ વિદ્યાર્થી સંગઠનો તેમજ યુવા કાર્યકરો વિગેરેએ આવકારીને શુભકામનાઓ પાઠવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઘરની વાત સડક ઉપર આવે એટલે લોકો તમાસો જુવે છે.

- સાંઈબાબા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૩૦ દર્શ અમાવસ્યા, શ્રી રંગ અવધુતજીની પૂણ્યતિથિ (નારેશ્વર) તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૮, અનુરાધા નક્ષત્ર, ધૃતિ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૭:૨૩, સૂ.અ.૬:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ:ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મિથુન:આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક: ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
સિંહ: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્ભવે.
કન્યા: ધીરજની કસોટી થાય.મનમાં ઉગ્રતા રહે.
તુલા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
વૃશ્ચિક:કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.
ધન: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
મકર: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કુંભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.

# ગીર સોમનાથ જિલ્લા ઓપન કરાટે ચેમ્પિનશિપમાં ગીર લાયન માર્શલ આર્ટ્સ એકેડમીના નવ તારલા ચમક્યા




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

તાજેતરમાં ગુજરાત વાડો કાઈ કરાટે એસોશીઅયન દ્વારા આયોજિત ઓપન ગીર સોમનાથ જિલ્લા કરાટે ચેમ્પિયનશિપ વેરાવળમાં યોજાઈ હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લાની કુલ ૪૪ શાળા ના ૬૦૦થી વધારે વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. તેમાં ગીર લાયન માર્શલ આર્ટસ એકેડમી ગીર સોમનાથ ના કુલ ૯ વિદ્યાર્થીઓ એ જિલ્લા કક્ષા એ સિલેક્ટ થયેલ હતા તેમાંથી નવે નવે વિદ્યાર્થીઓ ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરેલ હતો. જેમાં ગર્લ્સ ફાઈટ કોમ્પિટીસન ની અંદર ફસ્ટ રેક્ર માલમ રસ્મિતા રામભાઈ ૧૧ એઝ કેટેગરીમા. ફસ્ટ રેક્ર જાદવ રેણુકા મુળજીભાઈ ૧૨ એઝ કેટેગરીમાં. ફસ્ટ રેક્ર જાદવ આનંદી રણજીતભાઈ ૯ એઝ કેટેગરીમાં.સેકન્ડ રેક્ર જાદવ પ્રિયા માનસિંગભાઈ ૧૨ એઝ કેટેગરીમાં .થર્ડ કેટેગીમાં જાદવ જોસના અભેશિંગભાઈ ૧૪ એઝ કેટેગરીમાં.અને બોયઝ ની અંદર સેકન્ડ રેક્ર જાદવ જયદીપ રાજેશભાઈ ૫ એઝ કેટેગરીમાં.સેકન્ડ રેક્ર માલમ ઋત્વિક રામભાઈ ૧૩ એઝ કેટેગરીમાં.સેકન્ડ રેક્ર મેર નૈતિક વિનેશભાઈ ૧૨ એઝ કેટેગરીમાં,અને કાતા કોમ્પિટિસન માં મેર સિદ્ધાર્થ વીનેશભાઈ. ૧૪ એઝ કેટેગરીમાં સેકન્ડ રેક્ર મેળવી. ગીર લાયન માર્શલ આર્ટસ એકેડમીનું,ગામનું અને સમાજ નું નામ રોશન કરેલ બાળકોએ ખુબજ લાજવાબ પ્રફોમન્સ કરેલ અને સેન્સઈ મિતેશ પ્રજાપતી અને પી. કે. જાદવના નેહા હેઠળ અને કરાટે કોચ અનિલ જાદવ અને વિપુલ જાદવ દ્વારા ખૂબ સારી ટ્રેનીંગ આપી હતી. હવે આ બાળકો કેટેગરી વાઈઝ હવે રાજ્ય લેવલે ગીર સોમનાથ જિલ્લાનું પ્રતીનીધી કરશે અને બાળકોને અભિનંદન નો વરસાદ વર્ષેતેમ બધા લોકોએ અભીનંદન પાઠવિયા હતાં.

## ભેંસાણ તાલુકાનું ગૌરવ




(રેનિસ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૨

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ચાલતી ઈન સ્કુલ શાળા યોજના હેઠળ ભેંસાણ ની માધવ સ્કુલ ની વિધાર્થિની કાછડિયા એન્જલ પરસોત્તમભાઈએ જુડો-ખેલો ઈન્ડિયા એસોસિએશન દ્વારા આયોજીત 3rd ખેલો ઈન્ડિયા વુમન જુડો લીગ બહેનો ની સ્પર્ધા અમદાવાદ ખાતે આયોજીત ટુર્નામેન્ટ માં જુડો રમતમાં ૨૮ ક્વ્રપ્ર. વેઈટ કેટેગીરી માં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળા પરીવાર તેમજ માતા-પિતા નું નામ રોશન કરેલ છે

# માંગરોળ તાલુકા સર્વોદય સેવા સમીતી દ્વારા કલ્યાણધામ ખાતે વિદ્યાદાન, વડીલવંદના સન્માન સહીતના કાર્યક્રમો યોજાયા



(નિલેશ રાજપરા દ્વારા)


માંગરોળ તા.૧૨

જુનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકા સર્વોદય સેવા સમીતી દ્વારા રહીજ નજીક કલ્યાણધામ સંકુલ મુકામે ત્રિવિધ સેવાયજ્ઞ મહોત્સવ યોજાયો જેમા માંગરોળ તાલુકાની ૨૧ પ્રાથમિક શાળાના ૨૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને ૧૧૦૦૦ નોટબુક ચોપડા વિનામૂલ્યે વિતરણ, પ્રાથમિક શિક્ષકો, નિવૃત શિક્ષકો સ્થાનિક પત્રકારોનુ સન્માન, નિત્યદાતાઓ, શ્રેષ્ઠીઓનુ સન્માન તથા મોટી ઉંમરના ભાઈઓ બહેનોને વસ્ત્રદાન સહાય સાથે જરૂરીયાતમંદોને સ્વરોજગાર માટે સિલાઈ મશીન અને હાથ લારી સહાય જેવા ત્રિવેણી સેવાયજ્ઞ કાર્યક્રમોનુ ભવ્ય આયોજન કરાયુ હતુ આ પ્રસંગે પુર્વ ધારાસસભ્ય અરજણભાઈ નંદાણીયા, પુર્વ તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ જેઠાભાઈ ચુડાસમા,તાલુકા વિકાસ અધિકારી ઓડેદરા, સર્વોદય સેવા સમીતીના પ્રમુખ શરદભાઈ મહેતા, નિલેશભાઈ મહેતા સહિતના ટ્રસ્ટીઓ, નગર શ્રેષ્ઠી આગેવાનો, પત્રકાર મિત્રો, શિક્ષકો વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં લોકો ની ઉપસ્થિતી રહ્યા હતા

# ગીરની ગોદમાં ઈસરોના નિવૃત્ત સાયન્ટીસ્ટે ૭૫ વર્ષની ઉમરે ફરી પાડયા પ્રભુતામાં પગલા!

## ન્યુજર્સીમાં રહેતા એકના એક પુત્ર અને અમદાવાદમાં રહેતી પુત્રીએ ફરી મા બાપને પરણાવ્યા






વેરાવળ તા. ૧૨

ગીરની ગોદમાં ઈસરોના નિવૃત્ત સાયન્ટીસ્ટ ૭૫ વર્ષની ઉંમરે ફરી પ્રભુતામાં પગલાં માંડવા પહોંચ્યા. ન્યુજર્સીમાં રહેતા એકના એક પુત્ર અને અમદાવાદમાં રહેતી પુત્રીએ ફરી મા બાપને પરણાવ્યા. પુત્રી નેહાબેને કહ્યું કે મારા માતા-પિતા પરણ્યા હતા ત્યારે ફોટોગ્રાફી કે વીડિયોની સિસ્ટમ નહોતી જે અમે નજરે નિહાળવા માંગતા હતા એટલે ૫૦મી એનિવર્સરીએ આ યાદગાર આયોજન ગીરના હિરણ વેલ પાસે આવેલા દક્ષ રિસોર્ટ માં કર્યું છે. તો દક્ષ રિસોર્ટ નામાલીક કૌશલ રાયચુરા એ કહ્યું કે, ગુજરાત ભરમાંથી આ આયોજન માટે અમારો રિસોર્ટ પસંદ કર્યો એનું કારણ એ છે કે અમે અહીં પૌરાણિક અને પ્રાચીનતાને જાળવવામાં સફળ થયા છે.. જેનું અમને ગૌરવ પણ છે. ગીર પંથકના મૂળ મરમઠ ગામના વતની અને ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક નાથાભાઈ વાઢેર ના લગ્નની ૫૦મી એનિવર્સરીએ પોતાના પુત્ર અને પુત્રી સહિત પરિવાર જનોએ ફરી રંગે ચંગે પરણાવ્યા આમ લગ્નની જેમ જ દરેક વિધિઓ કરાય અને સૌ સ્નેહીજનોએ મંગળ ગીતો ગાય અને ૭૬ વર્ષની વયના ઈસરોના વૈજ્ઞાનિક નાથાભાઈ વાઢેર પોતાના પત્ની ૬૫ વર્ષના નિર્મળાબેન સાથે ફરી પરણ્યા હતા.

નાથાભાઈ વાઢેર ૨૦૦૭માં ઈસરોના વૈજ્ઞાનિક તરીકે સિનિયર અધિકારી તરીકે જોડાયા હતા. ૩૭ વર્ષ સુધી ઈસરોમાં સીનીયર વૈજ્ઞાનીક ની ફરજ બજાવ્યા બાદ પોતે નિવૃત્ત થઈ અમદાવાદ રહે છે તો પોતાનો એકનો એક પુત્ર વીપૂલ જે અમેરિકા ન્યૂજર્સીમાં રહે છે અને એક દીકરી નેહા જે અમદાવાદમાં રહે છે એ બંને ભાઈ બહેને પોતાના માતા-પિતાના ૫૦ મી એનિવર્સરી પ્રસંગે ફરી મા બાપને પરણાવવાનો સંકલ્પ કર્યો અને એ સંકલ્પ ગીર જંગલની ગોદમાં પૂરો થતાં સ્નેહીજનો ખુશખુશાલ હતા.

ગિર ના મરમઠ ગામના વતની નાથાભાઈ અને તેમના સંતાનો એ ૫૦મી એનિવર્સરી ભારે ઉત્સાહથી ઉજવવાનું નક્કી કર્યું જેણે અમદાવાદ સહિત ગુજરાતની અનેક હોટલો રીસોર્ટો આ પ્રસંગ માટે તપાસી પરંતુ મૂળ ગ્રામ્ય જીવનનો આ પરિવાર અંતે ગીરમાં આવેલ હિરણવેલ ગામ નજીક કુદરતના ખોળા સમો દક્ષ રિસોર્ટ પસંદ કર્યો અને દક્ષ રિસોર્ટમાં પણ તેણે અસલ ગામઠી પરંપરા ને ઉજાગર કરી હતી શણગારેલા બળદ ગાડાઓ માં વર કન્યા ની જાન નીકળી. તો ઢોલ અને શરણાઈ નો નાદ. રાસ ગરબા. સામૈયા. અને અંતે ૭૬ વર્ષનો દુલ્હો નાથાભાઈ અને ૬૫ વર્ષની દુલ્હન નીર્મલાબેન બંને મંડપમાં આવી પહોંચ્યા હતા.

વર કન્યા મંડપ ખાતે પહોંચ્યા ત્યાર બાદ હસ્તમેળાપ થયો. મંગલ ફેરા થયા. અને નાથાભાઈએ પોતાના પત્ની નિર્મળાબેન ને મંગલસૂત્ર પહેરાવી. અને શેથી માં સિંદૂર પૂર્યો. હતો જ્યારે નિર્મળાબેને પોતાના પતિને સોનાની માળા ભેટ તરીકે આપી હતી. સમગ્ર રાજ્યભરમાંથી ૨૦૦ જેટલા સગા સંબંધીઓ લગ્ન મા ભારે માત્રામાં આ ઉત્સવમાં જોડાયા હતા ત્યારે નાથાભાઈ અને નીર્લામળા બેને પોતાના વહાલસોયા સંતાનો એવા પુત્ર વિપુલ અને પુત્રી નેહા ના આ પ્રેમ સભર આયોજનને ખૂબ જ ગદગદ સ્વરે અને આનંદના આંસુઓ સાથે આનંદ માણ્યો હતો.

### જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર

# બેબીલેન્ડ સ્કુલ પાસે ગટરનું ખુલ્લું ઢાંકણું ગંભીર અકસ્માત સર્જે તે પહેલા કાર્યવાહી કરવા માંગ



જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ શહેરના લગભગ તમામ રસ્તાઓ મગરની પીઠ જેવા હોય અને વાહન ચાલકો તેમજ રાહદારીઓને આ રસ્તા ઉપરથી પસાર થવું એટલે જાણે કે, સતત ભયના ઓથાર હેઠળ રહેવું પડે છે. ત્યારે કોઈ વાહનનું બેલેન્સ જતું રહે અને અકસ્માત સર્જાય અથવા તો રસ્તા ઉપરના ખાડા-ખબડા કયારે કોઈ વાહનને ગબડાવી પાડે તે કાંઈ નકકી જ નથી. આવુંજ એક અકસ્માતમાં દુર્ઘટના થતી રહી ગઈ. વાત જાણે એમ છે કે, ગત શનિવારે રાત્રીના સમયે ઝાંઝરડા રોડ ઉપર બેબીલેન્ડ સ્કુલની પાસે માર્ગ ઉપર ગટરનું ખુલ્લું ઢાંકણું હોવાને કારણે આ માર્ગ ઉપર ખાડો જોવા મળતો હતો. આ ખાડામાં એક ફોરવ્હીલ કાર અટવાયેલી પડી હતી અને અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્દભાગ્યે કોઈને જાનહાનિ થઈ ન હતી. શનિવારના દિવસથી આ ગટરનું ઢાંકણું ખુલ્લું પડયું છે અને ખાડો એમને એમ જોવા મળે છે. આ જગ્યા ઉપર સહેજ ધ્યાનચુક થાય તો રાત્રીના સમયે ભારે મોટો અકસ્માત સર્જાય તેવી ભીંતિ છે. આ ઉપરાંત આ માર્ગ સતત ટ્રાફીકથી ધમધમતો રહે છે. આસપાસ આરોગ્યધામો, હોસ્પીટલો આવેલી હોય તેમજ સ્કુલો પણ આવેલી હોય અને સતત અવર-જવર લોકોની રહે છે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા આ ગટરનું ઢાંકણું ફીટ કરી તાત્કાલીક મનપા તંત્ર દ્વારા અથવા તો સંબંધીત વિભાગ દ્વારા કામગીરી કરવા માંગણી ઉઠી છે.

### અયોધ્યા ખાતે યોજાનાર રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગના દેશવાસી સાક્ષી બની રહયા છે ત્યારે

# સોમનાથ અને પ્રભાસ પાટણ ક્ષેત્રમાં ભગવાન રામ અંગેની રસપ્રદ વાતો

વેરાવળ, તા.૧૨

સમગ્ર ભારત જાન્યુઆરી માસમાં અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામના નૂતન મંદિરના ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સાક્ષી બની રહ્યું છે ત્યારે સોમનાથ-પ્રભાસ-પાટણ ભગવાન રામ અંગેની રસપ્રદ વાતો આ રહી. સોમનાથ-વેરાવળમાં અનેક રામધુન મંડળો હતાં જે વહેલી સવારે ચાર વાગ્યે ઢોલ-ઝાંઝ અને રામધુન બોલાવતા શેરીઓમાં પ્રભાત ફેરી કરતા હતા. એટલું જ નહિં સમગ્ર સૌરાષ્ટ્રમાં જેમની પ્રેરણાથી વર્ષોથી અખંડ રામધુનો ચાલે છે તેવા સંત પ્રેમભિક્ષુણ મહારાજ આવા પ્રારંભ પહેલાં અત્રે સોમનાથ મંદિર આવ્યા હતા અને મંદિરમાં રામધુનમાં જાતે લઈ પ્રભુમય બન્યા હતા. પ્રભાસમાં ત્રિવેણી સંગમે ભગવાન રામ શ્રાધ્ધા ભર્થ અંગે આવ્યા હોવાની લોકવાયકા છે અને વર્ષોથી ભગવાન શ્રીરામના નામ કે યાદ સ્વરૂપે પ્રભાસમાં રામરાખ ચોક પણ છે. જ્યારે કોરોના કાળમાં ૫૦થી વધારે માણસો ભેગા થવાની મનાઈનો કાયદો હોય તેમ છતાં રામ પ્રિતીને કારણે સરકાર નિયમ મર્યાદામાં રહી કોઈપણ જાતના શ્રોતાઓ વગરની રામકથા સંત કથાકાર મોરારીબાપુએ અહીંના રામમંદિર ખાતે નવદિવસ કરી હતી તેમ પ્રભાસનાં ભાસ્કર વૈદ્ય કહે છે. અત્રેના ભવ્ય સોમનાથ મંદિરનું ભવ્ય નિર્માણ આર્કિટેકટ સ્વ.પ્રભાશંકર સોમપુરાએ કરેલ છે તેનાજ પરિવારના ચંન્દ્રકાંત સોમપુરા એ કરેલ તેમને હાલના નવનિર્મીત અયોધ્યા રામમંદિરનું આર્કિટેકટ કરેલ છે.

સૌથી મહત્વની વાત શ્રીરામ જન્મભુમિ અંગે સુપ્રિમકોર્ટમાંથી જે ચુકાદો આવ્યો તેમાં ટ્રસ્ટની રચના કરવા જણાવ્યું અને તે ટ્રસ્ટ સોમનાથ ટ્રસ્ટની રચનાની જેમ જ બન્યું. સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ છે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે જેમના હાથે નૂતન રામમંદિર અયોધ્યા ખાતે ભુમિપુજન થયુ હતું અને તેમના જ હાથે ૨૨ જાન્યુ ૨૦૨૪નાં રોજ મંદિરમાં રામ ભગવાનની પ્રતિષ્ઠા પણ થશે.

નરેન્દ્ર મોદી રામમંદિર અયોધ્યામાં બને તે માટે ૧૯૯૦માં અડવાણીના અધ્યષપદે નીકળેલી સોમનાથ અયોધ્યા રથયાત્રામાં સામાન્ય કાર્યકર હતા અને રથયાત્રા પ્રંસગે સોમનાથ આવેલા દેશ-વિદેશના મીડીયાના સહાયક તરીકે ફરજ સોંપાઈ હતી અને સભાના અંતે આભાર સંદેશા પઠન તેમના હાથે થયેલ. પરંતુ રથયાત્રાનું કાર્ય એવું સુલર્ભ રીતે પાર પાડેલ કે પક્ષની નજરમાં તેમની કામગીરીની નોંધ લેવાઈ અને પછી તો રાજ્યના મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધી પહોંચી ચુકેલ છે અને સુંદર કામગીરી બજાવી રહેલ છે. પ્રભાસના ગામડાઓમાં જાણ્યા-અજાણ્યા કોઈ વ્યકિતઓ મળે તેમાં ''રામ''નું નામ ખાસ લેવાતું-આવકાર પણ ''રામ''નામથી અપાતો જેમકે ''એ..રામ..રામ..''

તો ''આકાશવાણી રાજકોટ ઉપરથી તે સમયે પ્રસારિત થતો ''ગામનો ચોરો કાર્યક્રમમાં પ્રારંભ'' બધાય ભાઈઓને રામ-રામથી થતો અને કાર્યક્રમ અંતે ''એય.. આવજો.. સૌને.. રામ..રામ.. લોકો વાડી-ચોરા અને ઘરમાં સાંભળતા પ્રભાસમાં આજે ત્રણ જેટલા અને વેરાવળ ખાતે બે રામ મંદિરો છે. વેપારીઓ દુકાન ખોલવાનો પ્રારંભ કરતાં પહેલા સવારે તેના દર્શન કરી પછી પોતાની દુકાનો ખોલતા તે જમાનામાં આ સીસ્ટમ હતી.

### અયોધ્યા શ્રીરામચંદ્રજી નવનિર્મિત મંદિર શિખર ઉપર

# શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારકા દ્વારા પૂજા કરેલ ધ્વજાજીનું કરવામાં આવશે ધ્વજારોહણ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૨

આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ભારતના સનાતન ધર્મના મુખ્ય આરાધ્યદેવ ભગવાન શ્રી રામચંદ્રજીના નવનિર્મિત અયોધ્યા ખાતેના મંદિર શિખર ઉપર ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રથમ ધ્વજા આરોહણ દ્વારકાધીશ જગતમાં સેવા પૂજા યજમાન વૃત્તિ કરનારા દ્વારકાની ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા પૂજા કરેલ ધ્વજાજીનું ધ્વજા આરોહણ કરવામાં આવશે. મીઠાપુરમાં વસવાટ કરનાર યજમાન યોગેશભાઈ ફલડિયા દ્વારા પૂર્વ કરેલ સંકલ્પને અનુમોદન આપી દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના પ્રયાસો દ્વારા અયોધ્યા રામ મંદિર ઉપર ધ્વજા આરોહણ માટેની પરવાનગી અયોધ્યા સ્થિત ટ્રસ્ટ પાસેથી પ્રાપ્ત કરી યજમાનનો સંકલ્પપૂર્ણ થશે. શ્રીરામ જયરામ જય જય રામ આ ૧૩ અક્ષરો તથા જય દ્વારકાધીશ ધ્વજાજી ઉપર અંકિત કરાવી ૧૩ ગજની ધ્વજા આરોહણ થશે. તા. ૯/૧૨/૨૦૨૩ શનિવારના રોજ બ્રહ્મપુરી નંબર ૧ પાસે આવેલ ધ્વજા પૂજન હોલમાં મંત્રોચ્ચાર સાથે અયોધ્યા રામ મંદિર ધ્વજાજીનું પૂજન કરવામાં આવ્યું હતું જેમાં ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના સહમંત્રી, મધ્યસ્થ સભાના સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા

આગામી દિવસોમાં ધ્વજાજી દ્વારકાધીશજીના ચરણ સ્પર્શ બાદ અયોધ્યા ખાતે મોકલવામાં આવશે. જ્યાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ નવનિર્મિત શિખર ઉપર આ ધ્વજાજીનું આરોહણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના સહમંત્રી તેમજ દ્વારકાધીશ જગત મંદિરના પૂજારી ચેતનભાઈ પુજારી દ્વારા આ કાર્યમાં વિશેષ યોગદાન રહ્યું છે.

# ચેક રીટર્નના કેસમાં આરોપીને બે વર્ષની સજા ફટકારતી અમરેલી કોર્ટ

જૂનાગઢ તા. ૧૨

શ્રી કેશવ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લિ. જૂનાગઢની અમરેલી શાખામાંથી મયુરભાઈ રાજેશભાઈ મકવાણાએ રૂા.૫૦,૦૦૦ની લોન લીધેલ હતી. આ લોનની રકમ ભરપાઈ કરવા માટે તેઓએ સોસાયટીને ચેક આપેલ જે ચેક બેંકમાં રજુ કરતા અપુરતી રકમના શેરા સાથે પરત થયેલ હતો. જેથી સોસાયટીના એડવોકેટ મારફત લીગલ નોટીસ આપેલ હતી. અને નોટીસ મળ્યા પછી પણ સદરહું ચેકની રકમ સોસાયટીને ન ચુકવતા અમરેલી કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ મયુરભાઈ રાજેશભાઈ મકવાણા સામે દાખલ કરવામાં આવી હતી. તાજેતરમાં આ ફરીયાદ ગુણદોષ ઉપર ચાલી જતાં નામદાર એડી.ચીફ જયુડી. મેજી. ઓઝાની કોર્ટએ મયુરભાઈ રાજેશભાઈ મકવાણાને બે વર્ષની સજા તથા ચેકની રકમ વળતર પેટે ૯ ટકા ચક્રવૃધ્ધી વ્યાજ સાથે સોસાયટીને ચુકવી આપવા હુકમ કરેલ છે. આ કેસમાં સોસાયટી તરફે એડવોકેટ સચિન મહેતા રોકાયેલા હતા.

# અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં જામનગર વિભાગના સંયોજક તરીકે સંદીપ બેરાની વરણી

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા. ૧૨

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું રાષ્ટ્રીય અધિવેશન તાજેતરમાં દિલ્હી ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશની કારોબારી બેઠક પણ યોજવામાં આવી હતી. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સક્રિય યુવા કાર્યકર સંદીપ બેરાને જામનગર વિભાગ સંયોજકની મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડવામાં સંદીપભાઈ બેરાની મહત્વપૂર્ણ ભૂમિકા રહ્યા બાદ હવે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા સાથે સમગ્ર હાલાર પંથકમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય વિચારો સાથે જોડવામાં આવશે. સાથે સાથે સંગઠનના કાર્યનો વ્યાપ પણ વધારવામાં આવશે.

સંદીપભાઈ દ્વારા અગાઉ જિલ્લા સંયોજક તરીકે વિદ્યાર્થી પરિષદના માધ્યમથી દ્વારકા જિલ્લામાં પરિષદ કી પાઠશાલા, સેવાકાર્યો, ઐતિહાસિક તિરંગા યાત્રા, છાત્રાઓ માટે સેલ્ફ ડિફેન્સની તાલીમ તેમજ વિદ્યાર્થી હિતની અનેક રજૂઆત અને



આંદોલન કરવામાં આવ્યા હતા. ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના સુપુત્ર સંદીપભાઈ બેરાની આ વરણીને વિવિધ વિદ્યાર્થી સંગઠનો તેમજ યુવા કાર્યકરો વિગેરેએ આવકારીને શુભકામનાઓ પાઠવી છે.

### ઉનાના ચાર થાંભલા પાસે આવેલ મચ્છી માર્કેટ નજીક

# ખુલ્લેઆમ દેશી વિદેશી દારૂ વેચતા ઈસમ સામે કાર્યવાહી કરવા પોલીસ સ્ટેશનમાં રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૨

ઉના નજીક ચાર થાંભલા કુંભારવાડા માર્કેટ નજીક દેશી વિદેશી દારૂનો વેપલો કરતા જાગૃત નાગરિક યશભાઈ નરેશભાઈ વાજા પોલીસ સ્ટેશનને અરજી આપી છે. છેલ્લા ઘણા સમયથી કુંભારવાડા નજીક શાક માર્કેટ બાજુમાં દેશી વિદેશી દારૂનો ધંધો બેફામ ચાલી રહ્યો છે જેને લઈને ત્યાં આજુબાજુ રહેતા લોકોને પણ ભારે મુશ્કેલી પડે છે. બાજુમાં આવેલ શાક માર્કેટ પાસે લોકોની પણ અવર-જવર થતી હોય અને ખાસ કરીને તે મચ્છી માર્કેટ સાંજે ભરાવાને કારણે વધારે બૈરાઓ પોતાનું શાક બકાલું લેવા આવતા હોય જેને કારણે ત્યાં ભયનો માહોલ પર સર્જાયો છે. યશભાઈ નરેશભાઈ વાજાએ જણાવ્યા મુજબ અને પોલીસ સ્ટેશનમાં આપેલ અરજીમાં તેઓએ જણાવેલ છે કે, ઉના ચાર થાંભલા, કુંભારવાડાની માર્કેટની તદ્દન બાજુમાં નજીક દારૂ વેચાય છે. અને ત્યાં ઘણી બધી બહેનો - દિકરીઓની અવર જવર થાય છે. અને ત્યાં આ દારૂ વેંચનારા દારૂડીયા લફંગા ત્યાં ભેગા થતા હોય અને ત્યાં અવર-જવર કરતી બહેનો, દિકરીઓની મશ્કરી પણ કરે છે. જેથી આ દારૂ વેચનાર પંકજભાઈ ભાણજીભાઈ ચૌહાણ ખુબજ માથાભારે વ્યક્તિ હોય તેને અવાર નવાર કહેવા છતા આ દારૂનો ધંધો બંધ કરતો ન હોય અને એક બીજા ઉપર ખુલ્લી દાદાગીરી કરીને માર મારવા માટે હુમલાઓ કરે છે. જેથી આથી આવા આવારા તત્વો નાના નાના બાળકોને પણ દારૂની લતે ચડાવવાની કોશીષ કરે છે. અને નાના નાના બાળકો પણ દારૂ પીવે છે. જેથી આ દારૂ વેચનાર પંકજભાઈ ભાણજીભાઈ ચૌહાણ ઉપર ઘણા અન્ય કેસો પણ આ દારૂ બાબતે તેમજ મારકુટ બાબતના ગુનાઓમાં પણ સંડોવાયેલો હોય જેથી આવા માથાભારે વ્યકિતને તુરતમાં પકડી પાડી યોગ્ય નશ્યત આપી પગલા લેવા અને આ માર્કેટની તદ્દન નજીક દારૂનો ધંધો બંધ કરાવવા માંગણી કરી છે. આ રજૂઆત યશ નરેશભાઈ વાજાએ ગૃહમંત્રી ગુજરાત રાજ્ય તેમજ ગીર સોમનાથ એસપી થતા ધારાસભ્ય ઉનાને પણ લેખિત રજૂઆત કરી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાએ રાજ્ય કક્ષાની યોગાસન સ્પર્ધામાં જીત્યા બે મેડલ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૨

ગઈકાલ તારીખ ૧૦/૧૨/૨૦૨૩ રવિવારના દિવસે ભાવનગર સીદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેકસમાં યોજાયેલ ૨જી ગુજરાત રાજ્ય યોગાસન માસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૩ ની ફાઈનલ ઈવેન્ટમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાને બે મેડલો પ્રાપ્ત થયા. ભાણવડના આહિર સમાજના લખનભાઈ વારોતરીયાએ સિનિયર A કેટેગરીમાં તથા દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ સમાજના સન્નીભાઈ




પુરોહિતે સિનિયર B કેટેગરીમાં બીજો અને ત્રીજો નંબર પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાનું નામ રોશન કર્યું છે. GYSA જનરલ સેક્રેટરી ઉમંગભાઈ ડોન તેમજ સમગ્ર ટીમ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

Vibrant GUJARAT 2024
10-12 Jan
Gateway to the Future | 10th Global Summit



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# 1 મૃદુ નેતૃત્વમાં મક્કમ સરકાર


## અવિરત પ્રગતિનો હર્ષ, વિકાસનું એક વર્ષ



## એક માત્ર સંકલ્પ, વિકસિત ગુજરાત, વિકસિત ભારત

- PMJAY-MA યોજના હેઠળ મળતી ₹૫ લાખની સહાય બમણી કરી ₹૧૦ લાખ કરાઈ
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામતથી OBC સમુદાયનો સર્વાંગી વિકાસ
- ધોરણ ૧ થી ૮માં ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત
- વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત માઈક્રોન સેમિકન્ડક્ટના પ્લાન્ટનું MoU પછી માત્ર ૯૦ દિવસમાં ભૂમિપૂજન
- જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ પર નિયંત્રણ લાવવા બનાવ્યો કડક કાયદો
- ધોરડોને સંયુક્ત રાષ્ટ્ર તરફથી "વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ"નું મળ્યું સન્માન
- ઝીરો કેઝ્યુઅલ્ટી એપ્રોચ સાથે બિપરજોય વાવાઝોડાના સમયે ઉદાહરણીય આપત્તિ વ્યવસ્થાપન
- અયોધ્યામાં શ્રદ્ધાળુઓ માટે ગુજરાત યાત્રીભવનનું થશે નિર્માણ
- ગુજરાતના ગરબાનો યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ
- રાજ્યમાં જી-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન
- વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ૨૦ વર્ષની સમિટ ઓફ સક્સેસ તરીકે ઉજવણી
- શ્રમિકો અને તેમના કુટુંબીજનોને પાંચ રૂપિયામાં ભોજન પૂરું પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વધ્યો વ્યાપ



## ગુજરાતે આંબ્યું વિકાસનું શિખર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકસિત ગુજરાત થકી

## વિકસિત ભારતનું નિર્માણ



### પ્રજા સાથે સીધો સંવાદ

- દર સોમવારે અને મંગળવારે મુખ્યમંત્રીશ્રી દ્વારા નાગરિકોને મળી તેમના પ્રશ્નોના ઉકેલનો ભગીરથ પ્રયાસ
- બે દાયકાથી નાગરિકોના પ્રશ્નોને વાચા આપવા ચાલતો સ્વાગત ઑનલાઈન કાર્યક્રમ બન્યો વધુ આધુનિક અને કાર્યક્ષમ



### ગુજરાત બન્યું સ્વચ્છતાનું મોડલ

- શહેરો, નગરો, ગામો, રેલ્વે સ્ટેશન, બસ મથકો, ધાર્મિક સ્થાનો અને યાત્રાધામોમાં વિવિધ થીમ આધારિત સ્વચ્છતા હી સેવા અભિયાન
- **"શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા"** માટે ગુજરાતનો મંત્રઃ નવી બસો, સ્વચ્છ બસો અને સ્વચ્છ બસ સ્ટેશન



### છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની ૨ લાખ વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય
- આદિજાતિ જિલ્લાઓમાં મળશે ઉચ્ચ શિક્ષણઃ અરવલ્લી, ડાંગ, મહીસાગર અને છોટાઉદેપુરના વિદ્યાર્થીઓ માટે શરૂ કરાશે નવી મેડીકલ કોલેજ




### સશક્ત મહિલા, સશક્ત ગુજરાત

- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો ૭ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ
- ૬૮૦થી વધુ SHE– ટીમ કાર્યરત થવાથી અને વુમન હેલ્પ ડેસ્ક થકી મહિલાઓની સુરક્ષામાં થયો વધારો



### ઘરે ઘરે નળથી પહોંચ્યું જળ

- ૯૨ લાખ જેટલા નવા નળ કનેક્શન થકી ઘરે ઘરે પહોંચ્યું નળ થી જળ
- ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પીવા તથા સિંચાઇ માટે નર્મદાનું પાણી માર્ચ ૨૦૨૪ સુધી આપવાનો નિર્ણય



### આધુનિક કૃષિ, આધુનિક ગુજરાત

- ૨૦ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈઃ રાજ્યમાં ૮.૫ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી
- અદ્યતન ડ્રોન ટેકનોલોજી દ્વારા નેનો યુરિયાના છંટકાવથી ઉત્પાદનની વધી અસરકારકતા

### ગ્રીન ગ્રોથ માટે ગુજરાતનો અવિરત પ્રયાસ

- રિન્યુએબલ પોલીસી–૨૦૨૩ અંતર્ગત રિન્યુએબલ ઈન્સ્ટોલ્ડ કેપેસીટીને ૧૦૦ ગીગાવોટ સુધી વધારવાનો લક્ષ્ય
- ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન નીતિ ઘડવામાં આવી



### વૈશ્વિક ક્ષેત્રે ગુજરાતના પ્રવાસનનું વધ્યું માન

- પ્રવાસન ક્ષેત્રે વર્ષ ૨૦૨૨માં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાનેઃ ૧૭.૮૦ લાખ વિદેશીઓએ લીધી ગુજરાતની મુલાકાત
- દેશના પ્રવાસન ક્ષેત્રે ગુજરાતનો ૨૦.૭૦ ટકા હિસ્સો



### ગુજરાતના અવિરત વિકાસને રાષ્ટ્રીય સ્તરે સન્માન

- **GeM** પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકારને મળ્યાં સાત એવોર્ડ
- સુરક્ષાની ત્રીજી આંખ સમાન ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર–ત્રિનેત્રને મળ્યો ઈ–ગવર્નન્સ ગોલ્ડ એવોર્ડ

GeM Government e Marketplace
Efficient • Transparent • Inclusive

### શિક્ષણ આધુનિક સુવિધાથી બન્યું અદ્યતન

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ ૧૩૭૦૦થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સના ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ
- યુવાનોના આઈડિયાને માઈન્ડ–ટુ–માર્કેટ પહોંચાડવા માટે ઈનોવેશન હબ ખાતે પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ સેન્ટરની શરૂઆત



### રોજગારલક્ષી યોજનાઓ થકી યુવાઓના સપના થશે સાકાર

- યુવા ઉદ્યોગ સાહસિકો–સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપતા સ્ટાર્ટઅપ પોર્ટલમાં ૧,૧૭૫થી વધુ સ્ટાર્ટઅપનું થયું રજિસ્ટ્રેશન
- રાજ્યના કૌશલ્યવાન ૧ લાખથી વધુ યુવાઓને રોજગાર મળી રહે તે માટે ૪૩૩ જેટલા ભરતી મેળા



### સેચ્યુરેશન અભિગમ વડે સંકલ્પથી સમૃદ્ધિ સુધીની સફરનો શુભારંભ

- ૪ અમૃત સ્તંભ ગરીબો, મહિલો, ખેડૂતો અને યુવાનો પર આધારિત વિકસિત ભારત સંકલ્પ યાત્રાને મળી અભૂતપર્વ સફળતા
- રાજ્યના ૧૪,૬૦૦થી વધુ ગામોમાં રથ પરિભ્રમણ કરી સરકારી યોજનાની માહિતી આપવાની સાથે નાગરિકોને અપાશે વિવિધ યોજનાકીય લાભ



## સૌનો સાથ, સૌનો વિકાસ,

# સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ

# ભુપેન્દ્ર પટેલ સરકારનાં શાસનનું એક વર્ષ પુર્ણ : સિધ્ધિઓ અનેક

ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ઐતિહાસિક જનાદેશ બાદ મુખ્યમંત્રી તરીકે બીજી વાર શપથ ગ્રહણ કર્યાં હતાં. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને તેમણે કંડારેલી વિકાસની કેડી પર માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતની વિકાસ યાત્રાને નવી ઉંચાઈઓ સુધી લઈ જવા સતત પ્રયત્નશીલ છે. તેમની પ્રવર્તમાન સરકારની વિકાસ યાત્રાની એક વર્ષની ઝલક...



## સુશાસન

- ગુજરાતના શ્રદ્ધાળુઓ માટે અયોધ્યા ખાતે વિશાળ યાત્રી ભવનનું નિર્માણ થશે,જે રામચંદ્રજીના દર્શનાર્થે આવનાર યાત્રીઓને અધ્યાત્મ અને પ્રવાસનનો અનુભવ આપશે.
- યુનેસ્કો દ્વારા ગુજરાતના ગૌરવ અને સાંસ્કૃતિક વિરાસત સમા ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર'તરીકે સ્થાન મળ્યું.
- આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં ગુજરાતને દેશમાં બીજું સ્થાન પ્રાપ્ત થયું
- માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ થકી રાજ્યની સંસ્કૃતિ અને "અસ્મિતા" જાળવી શકાય તે માટે ધોરણ ૧ થી ૮ સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરતો કાયદો બનાવ્યો.
- સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણના ૨૦ વર્ષની સફળતાપૂર્વક ઉજવણી કરી.
- જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્વાગતની ફરિયાદો ઓનલાઈન લેવાનો નિર્ણય.
- મુખ્યમંત્રી કાર્યાલયમાં લોકોના પ્રશ્નોના નિવારણ માટે ટેક્નોલોજી આધારિત જનસુવિધા ઈ-મોડ્યુલ્સ કાર્યરત થયાં.
- વડાપ્રધાનશ્રીના સુશાસનની પ્રેરણાથી યુવાનોના પ્રોત્સાહક વિચારોને સરકાર સાથે જોડવાની દિશામાં ''સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ''ની શરૂઆત.
- જસ્ટીસ ઝવેરી કમિશનની ભલામણો રાજ્યમાં લાગૂ કરાઈ, ઓ.બી.સી. વર્ગોને બેઠકો/હોદ્દા માટે(પ્રમુખ,મેયર,સરપંચ) ૨૭ ટકા અનામતરહેશે.
- બીપરજોય વાવાઝોડાના સામે 'ઝીરો કેઝ્યુઅલ્ટી' એપ્રોચ સાથે મોટી જાનહાનિ અને નુકસાન ટાળી શકાયું.
- બીપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત ૧૦ જિલ્લાઓમાં રાજ્ય સરકારે રૂા.૧૧.૬૦ કરોડની ત્વરિત નુકશાન વળતર સહાય ચૂકવી અને રૂા.૨૪૦ કરોડનું ઉદારતમ રાહત સહાય પેકેજ જાહેર કર્યું.
- ૧૯ થી ૨૧ મે દરમિયાન રાજ્ય સરકારની દસમી ચિંતન શિબિરનું આયોજન થયું.
- રાજ્યના કર્મયોગીઓની કાર્યદક્ષતા અને કૌશલ વધે તેની તાલીમ માટે ૧ ટકા બજેટની જોગવાઈ
- નર્મદા જિલ્લાના રાજ્યના સરહદી ગામ જાવલીમાં રાત્રિ રોકાણ કરીને બે દિવસ વીતાવ્યા. ગ્રામજનો સાથે સંવાદ કરીને વિવિધ યોજનાના લાભાર્થીઓના પ્રતિભાવ જાણ્યા
- ૨,૪૦૦થી વધુ અમૃત સરોવરના નિર્માણ સાથે, ગુજરાતમાં અમૃત સરોવરોના નિર્માણની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ
- **GeM**પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકારને મળ્યાં સાત એવૉર્ડ
- પંચાયત સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ નાં કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલી પ્રક્રિયા પ્રથમવાર ઓનલાઈન-ફેસલેસ-પેપરલેસ અને ટ્રાન્સપરન્ટ બની
- સતત બીજા વર્ષે નવા કરવેરા વિનાનું રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું ૩ લાખ ૧હજાર ૨૨કરોડ રૂપિયાનું વર્ષ૨૦૨૩-૨૪નું બજેટ
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્ય નીતિ આયોગની રચના કરવાનો નિર્ણય.

## વાયબ્રન્ટ ગુજરાત સમિટ

- માન. મુખ્યમંત્રીશ્રીનો જાપાન અને સિંગાપોરનો સફળ પ્રવાસ
- વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધમાં ૧૪.૪૪ લાખ કરોડના સંભવિત રોકાણના એમ.ઓ.યુ. માટે ઉદ્યોગ કર્તાઓએ **IFP** પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવ્યું.
- વાયબ્રન્ટ ગુજરાત સમિટના ૨૦ વર્ષની 'સમિટ ઓફ સક્સેસ' તરીકે ઉજવણી કરી
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના ભાગરૂપે રાજ્યના ૩૨ જિલ્લાઓમાં યોજાયો વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ.
- વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ અંતર્ગત રૂા.૨૫,૧૪૭ કરોડના રોકાણો માટે ૨,૫૯૦ એમ.ઓ.યુ. થયાં
- ગુજરાત સરકાર અને અમેરિકન ચીપ મેકર માઈક્રોન ટેક્નોલોજી વચ્ચે ઐતિહાસિક **MoU-**સમજૂતી કરાર થયાં અને માત્ર ત્રણ જ મહિનામાં પ્લાન્ટની કામગીરીની શરૂઆત
- ગુજરાત મેમરી ચીપ્સનું ઉત્પાદન કરતું ભારતનું પ્રથમ રાજ્ય બનશે.
- વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૪માં ૧૬ જેટલા દેશ બનશે પાર્ટનર કન્ટ્રી

## રાજ્યમાં જી-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન

- ગાંધીનગરમાં જી-૨૦ એનર્જી ટ્રાન્ઝિશન્સ વર્કિંગ ગ્રૂપની બીજી બેઠકનું આયોજન થયું.
- **G20** અધ્યક્ષતા હેઠળ **G20** અને ત્રીજી ટ્રેડ અને ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રુપ બેઠક યોજાઇ.
- **G20** અધ્યક્ષતા હેઠળ **G20** મેયોરલ સમિટનું આયોજન થયું.
- **G20** અંતર્ગત ૩જી નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠક યોજાઇ જેમાં **GIFT** સિટી આકર્ષણનું કેન્દ્ર બન્યું.
- **G20** ભારત પ્રેસિડેન્સી અંતર્ગત ગાંધીનગરમાં મેડટેક એક્સપો-૨૦૨૩નું સફળ આયોજન
- **G20** મુખ્ય વિજ્ઞાન સલાહકારોની કોન્ફરન્સના પ્રતિનિધિશ્રીઓએ મોઢેરા સૂર્યમંદિર અને સુજાણપુરા સોલાર પાવર ઉત્પાદન અને સંગ્રહ પ્રોજેક્ટની મુલાકાત લીધી
- મહિલા સશક્તિકરણ પર ૨૨૦ મિનિસ્ટરીયલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું

## શિક્ષણ અને કૌશલ્ય નિર્માણ

- શાળા પ્રવેશોત્સવના ૨૦મા તબક્કાનું સફળતાપૂર્વક આયોજન થયું. ૨૭ જિલ્લાઓની ૨૭, ૩૬૮ પ્રાથમિક શાળાઓની ૪૬,૬૦૦ થી વધુ મહાનુભાવોએ મુલાકાત લીધી. ૯ લાખ ૭૭ હજાર ભુલકાંઓનો આંગણવાડી પ્રવેશ, ધોરણ-૧ માં ૨.૩૦ લાખ બાળકોએ પ્રવેશ મેળવ્યો
- એસટી બસમાં મુસાફરી કરતાં વિદ્યાર્થીઓ-મુસાફરો માટે ઓનલાઈન પાસ સુવિધા
- સરકારી ડિગ્રી ઈજનેરી અને પોલિટેક્નિક કોલેજો ખાતે રોબોટિક્સ એન્ડ એડવાન્સ મેન્યુફેક્ચરિંગ અંતર્ગત થ્રીડી પ્રિન્ટીંગ, કોડિંગ, **AI-ML**, ઈલેક્ટ્રીક વ્હીકલ, સેમિકન્ડક્ટર ડિઝાઈન એન્ડ એડવાન્સ વેરિફિકેશન, સાયબર ફિઝીકલ સિસ્ટમ, ક્લાઉડ સર્વિસીસ જેવી ન્યુ એજ ટેકનોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવાનો નિર્ણય.
- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ-૬થી૧૨ સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ વિના મૂલ્યે મળે તે માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય સુવિધા ધરાવતી ૪૦૦ જ્ઞાનસેતુ ડેસ્કૂલ્સ માટે કુલ રૂા. ૬૪ કરોડની જોગવાઈ.
- રાજ્યના યુવાઓ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી શકે તે માટે ૩૩,૦૦૦ થી વધુ યુવાઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય પ્રદાન કરી.
- ધોરણ ૧ થી ૮માં રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવેલ અને ધોરણ ૮ નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ માટે ૨૫,૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કૂલ વાઉચર આપવા માટેની યોજનાની જાહેરાત કરી.
- સરકારી અનેગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને સમયસર અને કેશલેસ તબીબી સુવિધાઓ મળી રહે તે માટે હેલ્થકાર્ડ આપવાનું આયોજન.
- યુવાનોના આઈડિયાને માઈન્ડ-ટુ-માર્કેટ પહોંચાડવા માટે ઈનોવેશન હબ ખાતે પ્રોટો ટાઈપ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ

## કૃષિઅને પશુપાલન

- ગુજરાતમાં 'રવી કૃષિ મહોત્સવ' ની શરૂઆત
- ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ ૧૦ લાખ હેક્ટર જેટલો વધારો
- રાજ્યના ખેડૂતોને સિંચાઈ માટે વધારાનું ૨.૨૭ મિલિયન એકર ફીટ પાણી આપવાનો નિર્ણય.
- રાજ્યમાં પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોનો ઝુકાવ વધી રહ્યો છે, ૨૦ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ છે અને રાજ્યમાં ૮.૫ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે.
- રાજ્યના ૯૬,૦૦,૦૦૦ પશુઓને **FMD**/બ્રુસેલ્લોસીસ રસીકરણ દ્વારા સુરક્ષિત કરાયા.
- લાલ ડુંગળી-બટાટા પકવતા ખેડૂતો માટે રૂા.૩૩૦ કરોડનું પેકેજ જાહેર કર્યુ.
- ખેડૂતોને અન્ય રાજ્યો અને દેશ બહાર નિકાસ માટે રૂા.૪૦ કરોડની સહાય, લાલ ડુંગળી અને બટાટા એ.પી.એમ.સીમાં વેચાણ કરવા માટે રૂા.૯૦ કરોડની સહાય તેમજ ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજમાં માત્ર ખાવા માટેના બટાટા (ટેબલ પર્પઝ) સંગ્રહ કરવા માટે રૂા.૨૦૦કરોડનીસહાયસરકારશ્રીદ્વારા મંજૂર કરવામાં આવી.
- પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતો પ્રેરિત થાય તેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. કૃષિક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઈન્ડેક્સ-**A** નીસ્થાપનાકરવાનો નિર્ણય
- ''અર્બનગ્રીન મિશન કાર્યક્રમ'' હેઠળ શહેરમાં માળી કામ અર્થે યુવાનોને કૌશલ્ય વર્ધન રોજગારલક્ષી તાલીમ આપવા માટે રૂા.૩કરોડની જોગવાઈ.
- સૂક્ષ્મસિંચાઈનીયોજનામાટેચારગણાબજેટનીજોગવાઈ
- ગુજરાતમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેરિત થાય તે માટે સઘન પ્રયત્નોકરાશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે સહાય આપવા રૂા.૨૦૩ કરોડની બજેટ ફાળવણી.
- રાજયમાં નાળીયેરીનો વાવેતર વિસ્તાર વધારવા તેમજ તેના સંલગ્ન ઉદ્યોગોનો વિકાસ કરવા '' ગુજરાત નાળિયેરી વિકાસ મિશન'' અંતર્ગત રૂા.૪.૦૩ કરોડ મંજૂર કરવામાં આવેલ છે.
- બ્રુસેલોસીસના રસીકરણની રાજ્યવ્યાપી ઝુંબેશ ચલાવાઈ
- ગૌશાળા, પાંજરાપોળ અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે ?૫૦૦ કરોડની બજેટ જોગવાઈ
- માછીમારોને પણ ખેડૂતની જેમ કિસાન ક્રેડીટ કાર્ડનું વિતરણ

### નાગરિક પુરવઠો

- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉન ખાતે હાઈક્વૉલિટી **CCTV** કેમેરાનેટવર્ક ઉભું થયું.
- સરકારી અનાજની ચોરી કે ગેરરીતિ અટકાવવા માટે રાજ્ય સરકારે રાજ્ય સ્તરે ખાસ તપાસ દળ **(S.I.T)** ની રચના કરી છે.
- રાજ્યના ૭૧ લાખ **NFSA** કાર્ડધારક પરિવારોને મળ્યું વિના મૂલ્યે અનાજ

## વંચિતોનો વિકાસ

- ગંભીર એનીમિયા ધરાવતી ૧૦ હજારથી વધુ આદિવાસી માહિલાઓની ઓળખ કરી તેમની જરૂરિયાત મુજબ સારવાર કરીને માતા મૃત્યુ દરમાં ઘટાડો કરાયો.
- આદિમજૂથોજેવાકેકોટવાળિયા, કોલઘા, કાથોડી, સિદ્દી, પઢાર તેમજ હળપતિઓ માટે મુખ્યમંત્રી આદિમ જાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાની જાહેરાત.
- વિકસતી જાતિના ૧૦ લાખ વિદ્યાર્થીઓને રૂા.૨૦ હજાર સુધીની શિષ્યવૃત્તિ
- **SC** અને વિકસતી જાતિની ૨ લાખ વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય
- શ્રમિકો માટે શ્રમિક બસેરા યોજના અમલી કરી
- શ્રમિકો અને તેમના કુટુંબીજનોને પાંચ રૂપિયામાં ભોજન પૂરૂં પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ૧૭ જિલ્લામાં ૨૭૩ કડીયાનાકાઓ પર ભોજન વિતરણ

## મહિલા

- મહિલા સશક્તિકરણનો નવો અધ્યાય, સૌપ્રથમ જેન્ડર બજેટ ૧લાખ કરોડને પાર. ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી. બજેટમાં રૂા.૧,૦૪,૯૮૬.૭૦ કરોડની ફાળવણી માત્ર મહિલાઓલક્ષી યોજનાઓ માટે.
- દીકરી ભણે અને આગળ વધે તે માટે ૧૨૮૫ જેટલી કન્યાઓને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મેડીકલ શિક્ષણ (**MBBS** અભ્યાસક્રમ) માટે સહાય આપી
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ૭ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ સ્તરમાં સુધારો લાવવા દર માસે ૧ કિ.ગ્રા તુવેર દાળ, ૨ કિ.ગ્રા ચણા, ૧ લીટર સિંગ તેલ અપાયું
- ૧,૮૫,૬૪૨ જેટલી સગર્ભા મહિલાઓને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ આર્થિક સહાય આપી સુરક્ષિત માતૃત્વ સુનિશ્ચિત કર્યું.
- મહિલા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નવી ૬૮૬ મહિલા સુરક્ષા ટુકડી ''**SHE**- ટીમ'' કાર્યરત કરવામાં આવી. સાથે ૬૬૦ પોલીસ સ્ટેશનોમાં વુમન હેલ્પ ડેસ્કની શરૂઆત

### આરોગ્ય

- **PMJAY**-મા યોજના અંતર્ગત તા.૧૧ જુલાઈથી રાજયના નાગરિકોને રૂા.૫ લાખની મળતી સહાય વધારીને રૂા.૧૦ લાખ સુધીનું આરોગ્ય વીમા કવચ આપવાની શરૂઆત.
- 'વન નેશન - વન ડાયાલિસિસ' અંતર્ગત શરૂ થયેલા ૨૭૨ ડાયાલિસિસ કેન્દ્રોમાં ગત ૬ મહિનામાં ૧.૫ લાખથી વધુ ડાયાલિસીસ કરવામાં આવ્યા.
- રાજ્યમાં ૩,૩૨,૩૫,૨૯૧ આભા કાર્ડ ઈશ્યૂ કરવામાં આવ્યાં છે.
- શાળા પ્રવેશોત્સવથી રાજ્યના૧ કરોડ બાળકો માટે હેલ્થ ચેકઅપ અભિયાનનો પ્રારંભ. આરોગ્યમાટેબજેટમાં ૧૫,૧૮૨ કરોડરૂપિયાનીમાતબરરકમનીફાળવણી.
- રાજ્યમાંમાતૃઅનેબાળકલ્યાણપરવિશેષધ્યાનકેન્દ્રિત.
- અરવલ્લી, ડાંગ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં નવી મેડીકલ કોલેજ સ્થાપાશે.

## યુવા વિકાસ

- 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ–૨૦૨૩' અનુસાર: રોજગારવાંચ્છુ યુવાધનને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ
- આગામી ૨ વર્ષમાં સીધી ભરતીથી પંચાયત વિભાગ દ્વારા કુલ ૧૦ હજાર કર્મયોગીઓની ભરતીનું આયોજન
- રાજ્યના યુવાઓને રોજગારી મળી રહે તે માટે ૧૦, ૩૩૮ જેટલી લોક સંવર્ગની ભરતી, ૩૨૫ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગની ભરતી અને ૧૨૮૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગની ભરતી પૂર્ણ કરી . વધુ યુવાનોને રોજગારી મળે તે માટે આ વર્ષે નવી ૮૦૦૦ ભરતીનું આયોજન
- રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગાર મળી રહે તે માટે રાજ્યમાં ૪૩૩ જેટલા ભરતી મેળાઓનું આયોજનઅને ૧ લાખથી વધુ યુવાનોને રોજગારીના અવસર
- રાજ્યમાં એક જ દિવસમાં ૨૫૦૦ થી વધુ કર્મયોગીઓને નિમણૂક પત્રો આપીને સરકારી સેવામાં જોડવામાં આવ્યા. બિન સચિવાલય ક્લાર્ક-ઓફિસ આસિસટન્ટ સંવર્ગમાં ૨૩૦૬ – ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં૧૩૩ અને ખેતીવાડી અધિકારી વર્ગ-૨ સંવર્ગમાં ૯૨નું નવું માનવબળ રાજ્ય વહીવટીતંત્રને પ્રાપ્ત થયું.
- યુવા ઉદ્યોગ સાહસિકો- સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપતું અપડેટેડ સ્ટાર્ટઅપ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું. સાથે ૧૧૭૬ સ્ટાર્ટઅપ રજિસ્ટર થયા.
- ગુજરાતના યુવાનોને વિશ્વ કક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીનું સર્વ પ્રથમ ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ ગિફ્ટ સિટીમાં સ્થપાશે.
- ઓલિમ્પિકસ ૨૦૩૬ના યજમાન બનવાની ગુજરાતે પ્રારંભિક તૈયારીઓ શરૂ કરી.
- દરેક જિલ્લામાં સેચ્યુરેશન એપ્રોચથી એક જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્સ તથા દરેક જિલ્લાના એક તાલુકામાં તાલુકા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન.

### લોકોની સુરક્ષા

- મક્કમતાથી ગુજરાત જ નહીં પરંતુ દેશમાં ડ્રગ્સને ઘૂસતું અટકાવ્યું છે.
- જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો. સરકારી ભરતી પરીક્ષામાં ગેરરીતિ રોકવા કડકમાં કડક સજાનું વિધેયક લાવીને સરકાર યુવાનોના ભવિષ્યને ધૂંધળું થતું અટકાવવા પ્રતિબદ્ધ બની છે.
- રાજ્યના સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકોને વ્યાજખોરીના ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે ૪૦૦૦ જેટલા લોકદરબાર યોજવામાં આવ્યા જેમાં ૧,૨૯,૦૦૦થી વધુ લોકો હાજર રહ્યા. ૨૨ હજાર જેટલા લોકોને સરકાર દ્વારા રૂા.૨૬૧.૯૭ કરોડની લોન અપાવી. ત્રિનેત્ર-ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નેશનલ ઈ-ગર્વનન્સ ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત થયો

## શહેરી અને ગ્રામીણ વિકાસ

- શહેરો અને ગામડાઓમાં સ્વચ્છતા માટે જાગૃતિ કેળવાય તે માટે ખાસ સ્વચ્છતા ઝુંબેશ
- સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ માટે લંબાવવામાં આવી
- રાજ્યની ૧૫૭ નગરપાલિકાઓને રોડ રીસર્ફેસીંગ માટે રૂા.૧૦૦ કરોડની ફાળવણી
- શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળ આવતાપજિલ્લાઓમાં ડોર ટુ ડોર કલેક્શન માટેની કામગીરી શરૂ કરવાનો નિર્ણય.
- રાજ્યની ૨૦ નગરપાલિકાઓમાં મોડેલ ફાયરસ્ટેશનને મંજૂરી
- રાજ્યમાં ૨૧ નવા સિટી સિવિક સેન્ટરો શરૂ કરવામાં આવ્યાં.
- બેચરાજીના સંપૂર્ણ વિકાસ માટે ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરવામાં આવી
- રાજ્યમાં ૧ લાખથી વધુ વસ્તી ધરાવતી 'અ' વર્ગની તમામ નગરપાલિકાઓને મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના હેઠળ **CNG** અને ઈલેક્ટ્રીક બસના સંચાલન માટે કિલોમીટર દીઠ રૂા.૧૨.૫૦ થી વધારીને રૂા.૧૮ અનુદાન આપવાનો નિર્ણય.
- પી.એમ. સ્વનિધિ અંતર્ગત ૪,૩૧,૮૨૩ ફેરિયાઓને લોન આપવામાં આવી.
- રાજ્યના શહેરોમાં ઈઝ ઓફ લિવિંગ વધારાવાના આશય સાથે આઉટગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે ૮ મહાનગરપાલિકા અને ૧૨ નગરપાલિકાઓમાં વિકાસ કામ માટે ૬૭૪ કરોડ રૂપિયાના કુલ ૫૯૪ કામો મંજૂર કર્યાં.
- ગ્રામ્ય વિસ્તારમાં ઉર્જાક્ષેત્રમાં લોકો આત્મનિર્ભર બને તે માટે ગોબરધન યોજના હેઠળ ૪૧૦૦ થી વધુ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા
- ૧૫મા નાણાપંચ અંતર્ગત અંદાજે ૨૨,૦૦૦ ઉપરાંતના વિકાસ કામો પૂર્ણ કરવામાં આવ્યા
- સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-૨ના સાડા ચાર કિલોમીટરના સ્ટ્રેચના વિકાસ માટે શોભા ડેવલપર્સ સાથે એમ.ઓ.યુ.

### જળ સંચય અને જળ સિંચન

- ૯૨ લાખ જેટલા નવા નળ કનેક્શન અપાયા
- ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પીવા તથા સિંચાઈ માટે નર્મદાનું પાણી માર્ચ ૨૦૨૪ સુધી આપવાનો નિર્ણય
- અમરેલી ખાતે જનભાગીદારીથી શરૂ થયો જળ મહોત્સવ
- સરદાર સરોવર ડેમના બાંધકામથી ડુબમાં ગયેલી જમીનના ખાતેદારોના પુનઃવસવાટ માટે બનાવાયેલી વસાહતો તેના મૂળ ગામ સાથે ભેળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય.

## ગ્રીન ગ્રોથ

- રાજ્યમાંરિન્યુએબલ ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન મળે તે માટે રિન્યુએબલ પોલિસી ૨૦૨૩ની જાહેરાત
- રાજ્યમાં ઈલેક્ટ્રીક વ્હીકલના પ્રોત્સાહન માટે ઈ.વી. પોલિસી-૨૦૨૧નું સફળ અમલીકરણ અને ૪૬૪ ઈલેક્ટ્રીક બસ ફલીટ કાર્યરત
- ગ્રીન ગ્રોથ માટે પાંચ વર્ષ માટે રૂા.૨ લાખ કરોડની ફાળવણી
- ગ્રીન ઉર્જાને પ્રોત્સાહનની દિશામાં નવી હાયડ્રોજન પોલિસીની જાહેરાત
- ગુજરાતની રીન્યુએબલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૨૨.૫ ગીગાવોટ, વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવોટનું લક્ષ્ય

### નાગરિક પરિવહન

- ગુજરાતના ૮૭ રેલવે સ્ટેશનોનો અમૃત ભારત સ્ટેશન યોજનામાં સમાવેશ. આ તમામ રેલવે સ્ટેશનો આઈકોનિક રેલવે સ્ટેશન બનશે.
- રાજકોટમાં કાર્યરત થયું ગ્રીનફિલ્ડ એરપોર્ટ.
- અમદાવાદ મેટ્રો રેલ સેવા બની અમદાવાદની લાઈફ લાઈન. સામાન્ય દિવસોમાં સરેરાશ ૯૦ હજાર તથા રજાના દિવસોમાં સરેરાશ ૭૫ હજાર મુસાફરોએ પ્રવાસ કર્યો.
- રાજ્યના નાગરિકોને ઉત્તમ પરિવહન સેવા મળી રહે તે માટે નવી ૧૧૫૪ બસો રાજ્યના નાગરિકોની સેવામાં મૂકી.
- રાજ્યમાં દર મહિને નવી ૨૦૦ જેટલી બસો લોકોની સેવામાં મૂકવાનું આયોજન.
- મુસાફરોને છુટા આપવાની ઝંઝટથી મુક્ત થવાય તે માટે ક્યુ.આર. કોડ બેઝ ૨,૦૦૦ મશીન સંચાલનમાં મૂક્યા અને આવનાર દિવસોમાં આ ક્યુ.આર. કોડનો વ્યાપ વધારવાનો આયોજન.
- મુસાફરોને યાત્રા સુગમ અને સ્વચ્છ બને તે માટે શુભ યાત્રા-સ્વચ્છ યાત્રા ઝુંબેશ શરૂ કરવામાં આવી.
- નાગરિકોને બસસ્ટેન્ડ પર એરપોર્ટ જેવી સુવિધાઓ મળે તે માટે અત્યાધુનિક બસપોર્ટ નિર્માણ ઝુંબેશ હેઠળ ભરૂચ બસપોર્ટનું લોકાર્પણ થયું અને આવનાર દિવસોમાં મોડાસા, ભૂજ, અમરેલી, પાટણ અને નવસારીમાં બસપોર્ટનું નિર્માણ થશે.
- રાજ્યમાં નવા ૧૧ જેટલા સ્થળોને ગ્રીનફિલ્ડ એરપોર્ટ તરીક વિકસાવાશે, જેમાં અંકલેશ્વર, મોરબી, રાજપીપળા, દાહોદ, અંબાજી, ધોળાવીરા અને પાલીતાણાનો સમાવેશ થાય છે. સિદ્ધપુર, વડનગર અને કેવડિયામાં ટેક્નો-ઈકોનોમિક ફિઝીબિલિટી બાદ ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ થશે.

## પ્રવાસન

- જૂનાગઢમાં નવીનીકરણ થયેલા ઉપરકોટના કિલ્લાનું લોકાર્પણ
- ધોરડોને સંયુક્ત રાષ્ટ્ર તરફથી વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજનું સન્માન પ્રાપ્ત થયું.
- રાજયમાં પ્રવાસન સ્થળોના વિકાસને કારણે રાજયમાં પ્રવાસીઓની સંખ્યામાં થયો ધરખમ વધારો. એક જ વર્ષમાં કચ્છ ખાતેના સ્મૃતિવનમાં ૪,૬૨,૬૬૭ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૩૩,૯૨,૩૭૧ પ્રવાસીઓએ લીધી મુલાકાત.



# રાજયભરમાં લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડમાં જૂનાગઢ જિલ્લો અગ્રેસર

# ૬.૭૦ લાખ જેટલા લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડ આપી દેવાયા

**વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી ગ્રામજનોને વહીવટી તંત્ર સામે ચાલીને આયુષ્માન ભારત કાર્ડ આપે છે : : આયુષ્માન ભારત કાર્ડ હોવાથી ગરીબ – મધ્યમ વર્ગના હૈયે ધરપત : લાભાર્થીઓ કહે છે, આયુષ્માન ભારત કાર્ડ છે, તો હાથ લાંબો કરવો પડતો નથી**

જૂનાગઢ તા.૧૨

એક સમય હતો જ્યારે, ઘર પરિવારમાં એક સભ્યને ગંભીર બીમારી આવી પડે તો ઘર પરિવાર આર્થિક રીતે સાવ પડી ભાંગે. પણ આજે હજારો -લાખો ગરીબ મધ્યમ વર્ગના પરિવારના હૈયે ધરપત છે, જો કોઈ બીમારી આવી પડે તો, 'બીજા પાસે હાથ લાંબો નહીં કરવો પડે તેમ નથી' કારણ કે તેમની પાસે છે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળનું આયુષ્માન ભારત કાર્ડ. જૂનાગઢ જિલ્લામાં આજે ૧૧૩ ગામોના પાત્રતા ધરાવતા તમામ લોકોને આયુષ્માન ભારત કાર્ડ આપી દેવામાં આવ્યું છે. એટલે કે, આ ગામોમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું ૧૦૦ ટકા સેચ્યુરેશન થઈ ચૂક્યું છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી ગ્રામજનોને વહીવટી તંત્ર દ્વારા સામે ચાલીને આયુષ્માન કાર્ડ આપવામાં આવી રહ્યા છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ જ્યારે ગામે ગામ ફરે છે, ત્યારે આયુષ્માન ભારત કાર્ડ લાભાર્થીઓને આપવામાં આવે છે સાથે જ ગામમાં બાકી રહેલ લોકોને આયુષ્માન ભારત કાર્ડ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન ભારત કાર્ડ હેઠળ નોંધાયેલી ખાનગી હોસ્પિટલમાં લોકોને દસ લાખ સુધીની કેશલેસ સારવાર મળે છે. જે રૂ. ૫ લાખ હતી તે, વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ ક્વોલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર પી.એ. પઠાણે જણાવ્યું કે, હાલ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામે ગામ ફરી રહી છે. આ યાત્રા માધ્યમથી ખાસ કરીને પાત્રતા ધરાવનાર તમામ લાભાર્થીઓને કેન્દ્ર રાજય સરકારની યોજનાઓ હેઠળ આવરી લેવાની નેમ સાથે નીકળી છે. લોકો માટે ખૂબ મહત્વપૂર્ણ એવી, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કે, જેના અંતર્ગત આયુષ્માન ભારત કાર્ડ આપવામાં આવે છે. હાલમાં જિલ્લામાં ૧૧૩ જેટલા ગામોમાં આ યોજનાનું ૧૦૦ ટકા સેચ્યુરેશન એટલે કે, આ ગામોમાં પાત્રતા ધરાવનાર તમામ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન વહીવટી અને આરોગ્ય તંત્ર લોકોને વિવિધ યોજનાઓ હેઠળ આવરી લેવા માટે સતત કાર્ય કરી રહ્યું છે, આયુષ્માન કાર્ડથી એક પણ લાભાર્થી વંચિત ન રહે તે માટે ગ્રામ્ય સ્તરે આરોગ્ય વિભાગની ટીમ કામ કરી રહી છે. જૂનાગઢ જીલ્લો આયુષ્માન ભારત કાર્ડ આપવામાં રાજયભરમાં અગ્રેસર છે, અત્યાર સુધીમાં જિલ્લામાં ૬.૭૦ લાખ જેટલા લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડ આપી દેવામાં આવ્યા છે.

**આયુષ્માન ભારત કાર્ડ છે, તો હાથ લાંબો કરવો પડતો નથી**

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના મજેવડી ગામના લાભાર્થી વલ્લભભાઈ અમીપરા કહે છે કે, આશરે બે વર્ષ પહેલાં ભારે મારા ધર્મપત્નીને બે નળી બ્લોક થઈ ગઈ. બાયપાસ સર્જરીની જરૂર હતી. લાખોનો ખર્ચ થાય તેમ હતો. આટલા પૈસાનો પ્રબંધ કરવો ખૂબ મુશ્કેલ હતો, ત્યારે આયુષ્માન/માં કાર્ડ કામ લાગ્યું. રૂા.૨.૩૦ લાખના ખર્ચે રાજકોટની જાણીતી સ્ટર્લીંગ હોસ્પિટલમાં સારવાર સાથે બાયપાસ સર્જરી કરવામાં આવી. આમ, આયુષ્માન ભારત કાર્ડ છે, તો હાથ લાંબો કરવો પડતો નથી. આજે મારા ધર્મપત્ની એકદમ સ્વસ્થ છે તેમ જણાવતા તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ખાસ એહવાલ : રોહિત ઉસદડ**

## વંથલી તાલુકાના ટીકર ગામે પીએમજેવાય કાર્ડ, સોઇલ હેલ્થ કાર્ડ સહિતની યોજનાના લાભાર્થીઓએ પ્રતિભાવ આપ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ટીકર ગામે વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પ્રતિભાવો આપ્યા હતા. ટીકર ગામે પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પીએમજેએવાય કાર્ડના લાભાર્થી પરસોતમભાઈ લખમણભાઈ, પ્રાકૃતિક કૃષિ કરતાં ભરતભાઈ ભેટારીયા, સોઈલ હેલ્થ કાર્ડના જમનાદાસ સોલંકી, પીએમ કિસાનના કરસનભાઈ ગરચર, બાળ શક્તિ યોજનાના શ્વેતાબેન ઉસદડિયા, પુણા શક્તિ યોજનાના હેતલબેન સોલંકી સહિતના લાભાર્થીઓએ મેરી કહાની મેરી જુબાની અન્વયે સરકારનો આભાર માન્યો હતો. આ ઉપરાંત કાર્યક્રમમાં આઈસીડીએસ, પશુપાલન, આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પ યોજાયો હતો. જેનો બહોળી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો. હેલ્થ કેમ્પમાં ટીબી સ્ક્રિનિંગ ના ૫૦, નવા આયુષ્માન કાર્ડ વિતરણ ૧૦, માય ભારત વોલીએન્ટર કાર્ડ ૧૦ કાઢવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટીકર ગામના સરપંચ જીતેન્દ્રભાઈ સોલંકી, ઉપસરપંચ પારૂલબેન ઠુંમર, ટીકર ગ્રામ પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન જમનાદાસભાઈ સોલંકી, સભ્ય મુળુભાઈ, નોડલ અધિકારી મયુરભાઈ સોલંકી, તાલુકા વિકાસ અધિકારી ઓડેદરા સહિતના અધિકારીઓ કર્મચારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બજેટ મોટુ, ખર્ચ નાનો! રાજય સરકારે ૮ માસમાં માત્ર ૫૦.૯૩ ટકા વાપર્યા

ગાંધીનગર,તા.૧૨

રાજય સરકારના બજેટનું કદ વર્ષોવર્ષ ઘણુ મોટુ થઈ રહ્યુ હોવા છતાં વાસ્તવિક ખર્ચ પ્રમાણમાં ઘણો ઓછો રહેતો હોય છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિના પુર્ણ થવાના આરે છે ત્યારે પણ સરકારનો ખર્ચ બજેટ ફાળવણીથી માત્ર ૫૦.૯૬ ટકા જ રહ્યો છે. અમુક વિભાગોમાં તો માંડ ૨૫ ટકાનો ખર્ચ કર્યો છે જયારે રમતગમત વિભાગનો ખર્ચ ફાળવણી કરતા પણ વધી ગયો છે.

રાજય સરકારના વિભાગવાર ખર્ચના સતાવાર આંકડાકીય રિપોર્ટ પ્રમાણે અત્યાર સુધીમાં બજેટ ફાળવણીનો ૫૦.૯૬ ટકાનો ખર્ચ કરાયો છે. મહેસુલ વિભાગે ફાળવેલા નાણમાંથી માત્ર ૨૨.૮૯ ટકા વાપર્યા છે. કલાયમેટ ચેન્જ વિભાગે ૨૬.૭૯ ટકા ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગે ૨૯.૯૮ ટકા, વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગે ૩૪.૩૮ ટકા તથા શ્રમ-રોજગાર મંત્રાલયનો ૩૪.૭૬ ટકા ખર્ચ રહ્યો છે.

સૌથી વધુ ૧૦૫.૪૧ ટકા ખર્ચ રમતગમત-યુવક અને સાંસ્કૃતિક વિભાગનો થયો છે.




વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગે ૭૩.૩૮ ટકા, ગૃહવિભાગે ૬૬.૧૦ટકા, શિક્ષણ વિભાગે ૬૫.૯૮ ટકા તથા મહિલા-બાળવિકાસ વિભાગે ૬૧.૫૨ ટકાનો ખર્ચ કર્યો છે.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં કોમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (કેગ)નો રિપોર્ટ મુકાયો હતો તેમાં પણ એવી ટકોર કરવામાં આવી હતી કે રાજય સરકારે વાસ્તવિક બજેટ તૈયાર કરવું જોઈએ. સરકારી વિભાગની જરૂરિયાત તથા ફાળવેલા નાણાનો ઉપયોગ કરવાની ક્ષમતા ચકાસવી જોઈએ. બજેટ ફાળવણીના અમલીકરણ તથા મોનીટરીંગ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવી જોઈએ જેથી ગ્રાન્ટમાં બચતની યોગ્ય સમયે માહિતી મળી શકે અને નિશ્ચિત સમયમાં તે નાણાં પરત કરી શકાય.

## ગીર સોમનાથના ધામળેજ ગામના ખેડૂતના અશ્લિલ ફોટાના આધારે બ્લેકમેઈલ કરી રૂા.૯૦ હજાર પડાવ્યા : બે આરોપીની ધરપકડ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામના ખેડૂત અને વેપારી સુરસિંહભાઈ રામભાઈ બારડ (ઉવ.૪૩)ના પોતાના ગામમાં એક હાડવેરની દુકાન સામેની સાઈડમાં દેશી દવા કરતા હોવાનો ટેન્ટ(તંબુ) માં બે શખસો સારવાર કરતા હતા. તેઓની પોતાની મારૂતીવાન ટેન્ટમાં જ રાખતા હતા. જેમાં દેશી દવાઓ રાખી વેચાણ કરતા હતા. આ બંન્ને શખસો અજય રામશીગ ચીતોડીયા, વિજય ચીતોડીયા પાસે માથાના સફેદ વાળ, શરદી, કફની દેશી દવા લેવા માટે ગયા હતા.

ત્યારે તમારે આખા શરીરનુ ચેકઅપ કરાવવુ પડશે તેમ જણાવી મારૂતીવાન ગાડીમાં અંદર જતુ રહેવા જણાવેલ અને ચેકઅપ કરવાના બહાને પેન્ટ નીચે ઉતારવાનુ કહેતા તેણે પેન્ટ ઉતારતા અજયએ મારા ગુપ્તભાગ તપાસ કરી હતી. બાદમા દેશી દવાઓમાથી દવાની પડીકીઓ તથા માથે લગાડવા માટેનુ તેલ આપ્યુ હતુ. બાદમાં બન્ને જણા ટેન્ટ લઈ જતા રહ્યા હતા. થોડા દિવસો બાદ રજીસ્ટર એડી. કવર એક આવેલ જેમાં ખેડૂતના ગુપ્તાંગના જાણ બહાર અશ્લીલ રીતે પાડેલા એડીટ કરેલા ફોટા હતા.

તેમાં એક કાગળમા કિન્નરો, બે- ત્રણ મહીલાઓ તથા અજયે શરીરનું ચેકઅપ કરવા માટે ખેડૂતના ગુપ્તભાગની તપાસ કરેલ તે વખતે ગુપ્તભાગનો ફોટા અન્ય સ્ત્રી, પુરુષોના નગ્ન ફોટા સાથેના કાગળ હતો. જે અંગે અજયે પૈસા માંગણી કરેલ અને નહી આપો તો કિન્નરોની ટીમ તમારા ગામમાં મોકલીશ અને તમારો પ્રચાર કરી બદનામ કરી નાખીશ તેવુ કહી કુલ રૂ.૯૦ હજાર પડાવી લીધા હતા. તે પછી તમારૂ પેમેન્ટ હજુ સુધી અમોને મળેલ નથી તમારે વ્યાજ સાથે આપવુ પડશે તેમ કહી ધમકાવતા હતા. આ બાબતે ઉપરોક્ત વિગતો સાથે ખેડુત સુરસિંહભાઈએ ફરીયાદ કરી હતી.જેના આધારે સુત્રાપાડા પીઆઈ આર.એલ.પ્રજાપતિ, સંજય પરમાર, દિપક અખીયા, હિતેશ કામળીયા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી બંન્ને આરોપીઓ અજય રામશીંગ ચીતોડીયા તથા વિજય રામશીંગ ચીતોડીયા બન્ને રહે.હલદરવા, જી. ભરૂચ વાળાની ભરૂચ ખાતેથી ધરપકડ કરી અત્રે લાવી કોર્ટમાં રજુ કરતા પાંચ દિવસના રીમાન્ડ ઉપર સોપેલ હોવાનું જાણવા મળેલ છે.

## માણાવદરના કોઠારીયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સ્વાગત કરતા ગ્રામજનો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના કોઠારીયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ આવી પહોંચતા ગ્રામજનો દ્વારા સ્વાગત કરાયું હતું. કોઠારીયા ગામે આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સોઈલહેલ્થ કાર્ડનું વિતરણ, મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત લાભાર્થીઓએ તેના પ્રતિભાવો, જૈવિક ખેતી કરતા ખેડૂતોએ ગ્રામજનો સાથે સંવાદ, તેમજ આરોગ્ય, આઈસીડીએસ, પશુપાલન વિભાગના સ્ટોલ નિદર્શનનો લાભ લીધો હતો અને જાણકારી મેળવી હતી.

## ભેસાણની દિકરીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૨

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ચાલતી ઈન સ્કુલ શાળા યોજના હેઠળ ભેંસાણમાં કાર્યરત શ્રી માધવ સ્કુલની વિદ્યાર્થિની રાવલિયા કિષા જયેશભાઈ જુડો એસોસિએશન દ્વારા આયોજીત સબ જુનિયર બહેનોની સ્પર્ધા વડોદરા ખાતે આયોજીત ટુર્નામેન્ટમાં જુડો રમતમાં ૩૨ કેજી વેઈટ કેટેગીરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળા પરીવાર તેમજ માતા-પિતાનું નામ રોશન કરેલ છે.

## ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડમાં મગફળીની વિપુલ આવક: ઉતરાઈ બંધ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વખતે મગફળી ના પાકનું વધુ વાવેતર થયું છે. સાથે સાથે ઉત્પાદન પણ નોંધપાત્ર પ્રમાણમાં રહ્યું છે. હાલ મોટાભાગના ખેડૂતોએ મગફળી કાઢી અને વેચાણ માટે બજારમાં મૂકી છે. અહીંના માર્કેટ યાર્ડમાં હરાજી માટે મગફળીની પુષ્કળ આવક થઈ રહી છે.

આજની પરિસ્થિતિએ અહીંના માર્કેટિંગ યાર્ડમાં આશરે ૨૦ હજાર ગુણી મગફળી હરાજી માટે પેન્ડિંગ છે. ત્યારે ગઈકાલે સોમવારે સવારથી માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ઉતરાઈ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં અહીંના યાર્ડમાં હાલ પડી રહેલી મગફળી તથા તેની પેન્ડિંગ હરાજી જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી ખેડૂતોને અહીં મગફળી ન લઈ આવવા તેમજ અહીં આવ્યા પૂર્વે જે-તે કમિશન એજન્ટનો સંપર્ક કરીને જ અહીં આવવા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી ભાવેશભાઈ જોગલની એક યાદીમાં જણાવાયું છે.

## વાડીનારના જી.આર.ડી. જવાનની પ્રમાણિકતા એન્ડ્રોઇડ ફોન મૂળ માલિકને પરત અપાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા તાલુકાના વાડીનાર મરીન પોલીસ મથકમાં ફરજ બજાવતા જી.આર.ડી.ના જવાન સત્તારભાઈ ગનીભાઈ નાયા તેમની ફરજ પર હતા ત્યારે વાડીનાર નજીક ભરાણા રોડ પર એક મોબાઈલ ફોન તેમને મળી આવ્યો હતો. રૂ. ૧૫,૦૦૦ ની કિંમતના સેમસંગ કંપનીના એન્ડ્રોઇડ ફોન જી.આર.ડી.ના જવાન સત્તારભાઈએ પી.એસ.આઈ. એ.બી. જાડેજાને સોંપતા આ મોબાઈલ ફોનના માલિક એવા વાડીનાર ગામના અકબરભાઈ સુંભાણીયાને તેમનો પડી ગયેલો આ ફોન પરત આપી, પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

નં : રેકર્ડ/રદીપસ્તી/ટેન્ડર/૧૨/૨૦૨૩-૨૪

કલેકટર કચેરી
જુનાગઢ જીલ્લો, જુનાગઢ
તા.૦૭/૧૨/૨૦૨૩

–:: બીજો પ્રયાસ ::–

**જાહેરાત**

જુનાગઢ જિલ્લાની સરકારી/અર્ધ સરકારી કચેરીઓમાંથી સને. ૨૦૨૪ ના વર્ષ માટે રદી પસ્તી ઉપાડવા માટે રસ ધરાવતા સ્થાનિક વેપારીઓએ કચેરીના કામકાજના સમય દરમ્યાન નિયત ફી રૂા. ૨૦૦/- (બસો) સરકારી તિજોરીમાં ચલણથી ભરી ટેન્ડર ફોર્મ મેળવી સદરહું ફોર્મ સંપુર્ણ વિગતે ભરી નિયત અર્નેષ્ટ મની ડીપોઝીટના અસલ ડીડી. સાથે તા.૨૬/૧૨/૨૦૨૩ બપોરના ૧૬.૦૦ કલાક સુધીમા બંધ કવરમાં R.P.A.D. થી કલેકટર કચેરીમાં રજુ કરવાનું રહેશે. ટેન્ડરની શરતો તથા અન્ય વિગતો રેકર્ડ શાખામાંથી જોવા મળી શકશે.

સહિ : અનીલ રાણાવસીયા
કલેકટર
જુનાગઢ જીલ્લો, જુનાગઢ

માહિતી/જૂના/૮૮૬/૨૦૨૩

Bandhan Bank | રીજનલ ઑફિસ: નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોન: ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રીમાન. નટુભાઈ જીવરાજભાઈ કારાણીયા<br>શ્રીમતી. રાજેશ્રી નટુભાઈ કારાણીયા<br>૨૦૦૦૨૧૨૦૦૦૨૭૫૮ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નં.૨૨/પૈકી-૧/પૈકી-૧, પ્લોટ નં.૨૨ પૈકી, મધ્ય ભાગ અને પ્લોટ નં.૨૩ પૈકી મધ્ય ભાગ, જમીન વિસ્તાર ૧૦૩.૮૫ ચો.મી., વ્રુજ વાટિકા, તાલાલા રોડ, કડવા પટેલ સમાજ પાસે, ગલિયાવડ , તા: તાલાલા, ગીર સોમનાથ-૩૬૨૧૫૦ સ્થિત છે અને જે આવરિત છે:<br>ઉત્તર: પ્લોટ નં.૨૨ પૈકી ૨૩ પૈકી, પૂર્વ: રોડ, પશ્ચિમ: રોડ, દક્ષિણ: પ્લોટ નં.૨૨ પૈકી અને ૨૩ પૈકી | ૦૫.૦૯.૨૦૨૩ | ૦૭.૧૨.૨૦૨૩ | રૂ.૧૧,૧૩,૬૧૩.૪૮ |

સ્થળ: ગીર સોમનાથ
તારીખ: ૧૨/૧૨/૨૦૨૩

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

### આગામી માર્ચ માસમાં યોજાનાર

# શિવરાત્રીનો મહામેળો મીની કુંભ મેળા તરીકે ઉજવાય તેવા નિર્દેશો


## ૨૬ જાન્યુઆરીની રાજય કક્ષાની જૂનાગઢમાં ઉજવણી સંપન્ન થયા બાદ શિવરાત્રીના મીની કુંભ મેળા અંગે શરૂ થશે તડામાર તૈયારી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ ક્ષેત્રમાં દર વર્ષે શિવરાત્રીનો મહામેળો યોજવામાં આવે છે અને પાંચ દિવસ સુધી ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાય છે. શિવરાત્રીના મેળાનું આગવું અને અનેરૂ મહત્વ છે. તાજેતરમાં જ પરિક્રમાનો મેળો સંપન્ન થયો છે અને હવે આગામી વર્ષ એટલે કે ૨૦૨૪માં માર્ચ માસમાં શિવરાત્રીનો મેળો આવી રહ્યો છે ત્યારે આગામી શિવરાત્રીનો મહામેળો આ વર્ષે મીની કુંભ મેળા તરીકે ઉજવવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે અને સરકાર દ્વારા આ અંગેની સત્તાવાર રીતે જાહેરાત થાય તેવું મનાઈ રહ્યું છે.

જૂનાગઢનું ભવનાથ ક્ષેત્ર એટલે તીર્થોની નગરી કહેવાય છે. આ ધાર્મિક અને પાવનકારી ભોમકા ઉપર દર વર્ષે પરિક્રમાનો મેળો અને શિવરાત્રીનો મેળો આનંદ, ઉત્સાહ અને ભાવપુર્વક યોજાઈ છે. દેવ ઉઠી દિવાળીના દિવસથી પરિક્રમાનો મેળો શરૂ થયો હતો અને કારતીકી પુર્ણીમાના દિવસે આ મેળો સંપન્ન થયો છે. આ વર્ષે ૧૨ લાખથી વધારે ભાવિકો પરિક્રમાના મેળામાં ઉમટી પડયા હતા. પરિક્રમાના મેળાની પુર્ણાહુતી બાદ હવે આગામી વર્ષ





૨૦૨૪માં શિવરાત્રીનો મેળો નજીક આવી રહ્યો છે. આગામી તા.૫ માર્ચ મહાવદ નોમના દિવસથી ભવનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ બાદ શિવરાત્રીના મેળાનો મહાપ્રારંભ થશે અને તા.૮ માર્ચ મહાવદ તેરસ શિવરાત્રીના દિવસે મધ્યરાત્રીએ ભગવાન ભોળાનાથની મહાપૂજા બાદ શિવરાત્રી મેળો સંપન્ન થવાનો છે. શિવરાત્રી મેળાની આગોતરી તૈયારી અને આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ દરમ્યાન મહાનગરપાલિકા તંત્ર દ્વારા પણ શિવરાત્રી મેળાની તૈયારીઓ શરૂ કરી દીધા હોવાના નિર્દેશો મળે છે. સ્થાયી સમિતીની મળેલી બેઠકમાં ભવનાથ વિસ્તારમાં શિવરાત્રી મેળા અંતર્ગત ૧૧ સ્થળો ઉપર ૩૬ જેટલા સીસીટીવી કેમેરા લગાવવાના ખર્ચને મંજુરી આપી દીધી છે. મનપા તંત્ર, સ્થાનિક તંત્ર, જીલ્લા પંચાયત તેમજ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા પણ ટુંક સમયમાં શિવરાત્રીના મેળા અંગેની તૈયારીઓ શરૂ કરશે તેવા નિર્દેશો મળે છે. શિવરાત્રી મેળો એટલે ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ તેમજ શિવરાત્રી મેળાનું અનેકગણું મહત્વ હોય દેશભરમાંથી અહીં સિધ્ધ સંત, મહંતો, મહા મંડલેશ્વરો અને વિભુતીઓ અહીં પધારતા હોય અને ધુણા ધખાવી પોતાના આસન ગ્રહણ કરતા હોય છે. શિવરાત્રીના દિવસે ભવ્ય રવાડી સંઘર્ષ, શીવજીની મહાપૂજા સહિતના કાર્યક્રમો યોજાતા હોય છે અને સિધ્ધ સંતોના દર્શનનો અનન્ય લ્હાવો ભાવિકોને મળતો હોય છે. મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે. ભવનાથ ખાતે યોજાતા શિવરાત્રીના મેળાને મીની કુંભ મેળાનો દરજ્જો આપવા માટે સાધુ સંતો વિવિધ સંગઠનો ભાવિકોએ અનેક રજુઆતો કરી હતી. અને આ રજુઆતનો પડઘો પાડી અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમની સરકાર દ્વારા ઐતિહાસીક નિર્ણય લઈ શિવરાત્રીના મેળાને મીની કુંભ મેળાનો દરજ્જો આપ્યો હતો અને સરકાર તરફથી મોટું ફંડ પણ જાહેર કરવામાં આવ્યું હતું અને અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જે તે વખતે સરકારે જાહેર કરેલ હતું કે દર વર્ષે નહી પરંતુ દર પાંચ વર્ષે શિવરાત્રીના મેળાને મીની કુંભ મેળા તરીકે ઉજવવામાં આવશે અને આ તક જાણે આવી ગઈ હોય તેમ લાગે છે. આગામી શિવરાત્રીનો મેળો મીની કુંભ મેળા તરીકે ઉજવાય તેવા નિર્દેશો મળી રહ્યા છે. જૂનાગઢ ખાતે પ્રજાસત્તાક પર્વ ૨૬મી જાન્યુઆરી રાજય કક્ષાની ઉજવણી કાર્યક્રમ સંપન્ન થયા બાદ શિવરાત્રીના મેળાની મીની કુંભ મેળા તરીકેની ઉજવણી અંગેની જાહેરાત થાય તેવા નિર્દેશો મળે છે.

# છેવાડાના લોકો સુધી સરકારી યોજનાનો લાભ પહોંચે તેવા હેતુ સાથે વિકસિત ભારત સંકલ્પ રથયાત્રાનું આયોજન થયું છે : વન અને પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા









જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના દાંડેરી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુંદર આયોજન બદલ વહીવટી તંત્રને અભિનંદન આપતા મંત્રી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના દાંડેરી ગામે પ્રવાસન અને વન મંત્રી મુળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત રથનું ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે દાંડેરી ગામની પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા રથયાત્રાના કાર્યક્રમમાં મંત્રી મુળુભાઈ બેરા એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતની સંકલ્પનામાં લોકોનું કર્તવ્ય પણ સમાયેલું છે. ભારતને ૨૦૪૭ સુધીમાં માત્ર વિકસિત કરવાનું કેન્દ્ર સરકારનું ધ્યેય નથી પરંતુ વડાપ્રધાનના નેતૃત્વમાં આર્થિક સધ્ધરતાની સાથે સાથે સામાજિક સમરસતા મહિલા સશક્તિકરણ અને છેવાડાના લોકોની સુખાકારી સાથે સંપૂર્ણ આત્મનિર્ભરતા -સર્વાંગી વિકાસ સમાયેલો છે. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રને વિકસિત ભારત સંકલ્પ રથયાત્રાના સુંદર આયોજન બદલ મંત્રીએ અભિનંદન આપ્યા હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લાના ગામોમાં સ્વચ્છતા ઝુંબેશ અને રથયાત્રાની સાથે લોકો પર્યાવરણ પ્રત્યે જાગૃત બને અને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે તે માટે પ્રભાવક રીતે નાટકના કાર્યક્રમ પણ રજૂ થઈ રહ્યા છે. તેઓએ કલાકારોની ટીમને અભિનંદન આપ્યા હતા. આ પ્રકારના કાર્યક્રમથી લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ નહિવત કરવા અને રિસાયક્લિંગની પણ પ્રેરણા મળશે. મંત્રીએ ગામના યુવા ખેડૂત સચીનભાઈ ધોકિયાના પ્રાકૃતિક ખેતી અંગેની સમજણને પ્રેરક બતાવી જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોને ફાયદો છે જ સાથે સાથે લોકોના આરોગ્યની સુખાકારી પણ વધશે. મંત્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત લોકોને કેન્દ્ર સરકારની ૧૭ પ્રકારની યોજનાઓના લાભ મળી રહ્યા છે અને યોજનાઓની માહિતીનો પ્રચાર અને પ્રસાર કરીને અન્ય લોકોને પણ લાભ મળે તે માટે ગ્રામજનો પ્રેરિત બને તેવો પણ અનુરોધ કર્યો હતો. મંત્રીએ વિશ્વકર્મા યોજના વિશેની પણ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સ્થાનિક ગ્રામજનોએ વડાપ્રધાન શ્રી નો વિડીયો માધ્યમથી સંદેશો પણ સાંભળ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આયુષ્યમાન કાર્ડ અને પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ સખીમંડળ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ એ લાભ મળ્યો તેનો પ્રતિભાવ આપ્યો હતો.તે સંદર્ભમાં મંત્રીએ જણાવ્યું હતું કે આજે જે લાભાર્થીઓએ પ્રતિભાવ આપ્યો છે તે તેમનો પ્રત્યક્ષ અનુભવ છે અને સરકાર છેવાડાના લોકોને લાભ આપી રહી છે તે પ્રતિભાવમાંથી સ્પષ્ટ થાય છે. મંત્રી મુળુ બેરાએ વન અને પર્યાવરણ વિભાગ એગ્રો ફોરેસ્ટી વિસ્તાર વધારીને ૧૨૦૦૦ હેક્ટર કરશે તે અંગેની પણ વિગતો આપી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે વિકસિત ભારત સંકલ્પ યાત્રાની રૂપરેખા આપી વિકસિત ભારતના સંકલ્પમાં કુપોષણને નાબૂદી, સામાજિક સમસતા, મહિલા સશક્તિકરણ અને મહિલાઓ વિવિધ યોજનાઓનો લાભ લઈ પગભર આત્મનિર્ભર બને તે માટેની નેમ અને વડાપ્રધાનના સંકલ્પના સંદર્ભમાં લોકોને વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. મંત્રીએ આઈ સીડીએસ, ખેતીવાડી તેમજ વિવિધ વિભાગોના યોજનાકીય સ્ટોલનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, અધિક કલેક્ટર પી.જી.પટેલ ,જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, લક્ષ્મણભાઈ યાદવ, દિલીપસિંહ સિસોદિયા, હીરાભાઈ સોલંકી, રાજાભાઈ પટાટ, રણજીતભાઈ યાદવ, મેંદરડાના પ્રાંત અધિકારી, સરપંચ કાનજીભાઈ તેમજ રાજેશભાઈ ભાલોડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ મહાનગરપાલિકા રખડતા પશુઓને પકડી જંગલમાં છોડી મુકતી હોવાના થઈ રહેલા આક્ષેપો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ભેસાણના કરીયા, પસવાળા, સામતપરા, દુધાળા સહિતના ગામડાઓ જંગલની બોર્ડરની એકદમ નજીક હોય જેમા કાયમી માટે સિંહ, દીપડાનો વસવાટ હોય અને મોટા ભાગના ખેડુતો ખેતી કરી આજીવકા રળતા હોય છે. છેલ્લા એકાદ માસથી જૂનાગઢ મહાનગર પાલીકાનાની ટ્રોલી મારફત જૂનાગઢ શહેરમાંથી રખડતા પશુઓ કે જેમાં મહાનગર પાલિકા મુખ્ય નિશાની ટેગ કે કોઈપણ પ્રકારની નિશાની વગરની ગાયો તેમજ વાછરડાઓને ગેરકાયદેસર રીતે વાહનોમા ભરી ગૌશાળામા નિભાવ માટે મોકલવામા આવે છે. તેમ લોકોને જણાવી આ તમામ પશુઓને છૂટા જંગલમાં છોડી મુકવામાં આવતા હોવાના આક્ષેપને પગલે ભારે ચકચાર જાગી ઉઠી છે અને ગંભીર આક્ષેપો સાથે ત્રણ ગામના લોકો દ્વારા ભેસાણ પોલીસ સટેશન તેમજ વન વિભાગને લેખીત ફરીયાદ આપેલ છે હજુ આ બાબતની પોલીસ સટેશનની તપાસ શરૂ છે. હાલ ખેડુતોના જણાવ્યા અનૂસાર આ ઢોરને છૂટા જંગલમાં મુકી દેવામાં આવતા જંગલી પ્રાણીઓએ ધામાં નાખ્યા છે. ત્યારે જ જૂનાગઢ મહાનગર પાલીકાની ટ્રોલી પશુઓને ભરી અહીંયા છુટા મૂકે એ પહેલાં જ ત્રણ ગામના સરપંચો અને ૫૦થી વધુ લોકોએ પકડી ભેંસાણ પોલીસને હવાલે કર્યા હતા. વિશેષમાં કરીયા ગામના ખેડૂત અગ્રણી ચંદ્રેશભાઈ ધડુકે જણાવ્યું હતું કે, જૂનાગઢ મનપા દ્વારા છેલ્લા ૧ માસથી ત્રણથી ચાર વખત ગાયો અને વાછરડાને જંગલમાં મુકી દેવાઈ છે. ગામલોકોએ ગઈકાલે જનતા રેઈડ ન કરી હોત તો આ ૧૦ ઢોર પણ સિંહ દીપડાઓને ખવડાવવામાં આવ્યા હોત. જૂનાગઢ પાલિકા દ્વારા રેઢીયાળ પશુને સિંહ- દીપડાના શિકાર માટે ધરી દેવામાં આવી રહી છે. ત્યારે આ બાબતે તાત્કાલીક ધોરણે યોગ્ય તપાસ કરી જવાબદાર મનપાના અધિકારી સામે કડકમાં કડક સજા કરવામાં આવે એવી ત્રણેય ગામના લોકો દ્વારા માંગણી કરાઈ છે. ઉપરાંત આગામી સમયમાં યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો ૨૦૦ જેટલા લોકો ભેગા થઈને જૂનાગઢ કલેક્ટરને આવેદન પત્ર પાઠવશે તેમ જાણવા મળે છે. તો બીજી તરફ જૂનાગઢ મહાનગરપાલિકાની કેટલ પાઉન્ડ શાખાના સુપરવાઈઝરે જણાવ્યું હતું કે, શહેરમાં ટ્રાફિકને અડચણ અને રખડતા પશુઓને ડબ્બે પુરીને સરકારના નિયમ મુજબ સરકારમાંથી જે સહાય મળે છે તેવી ગૌશાળા તે પશુઓને છોડવામાં આવી રહ્યા છે. તેમના સ્ટાફ દ્વારા જૂનાગઢથી ૧૦ પશુઓને ડબ્બે પુરીને સાડીયા નેસ, રાધેશ્યામ ગૌસેવા ટ્રસ્ટ ખાતે મુકવા જતા હતા ત્યારે રસ્તામાં કરીયા ગામના સરપંચ સહિતના લોકોએ મનપાનું પશુ ભરેલ ટ્રેકટર અને બોલેરો જીપને અટકાવી દીધી હતી.

આ બાબતે ફરજ રૂકાવટનો રિપોર્ટર મ્યુનિસપલ કમિશનરને કરવામાં આવશે અને તેમના નિર્ણય બાદ આગામી સમયમાં ફરિયાદ કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

## મકાનનું ભાડું એડવાન્સ જમા કરાવાના બહાને જૂનાગઢના વેપારી સાથે ઓનલાઈન ચિટીંગ : ૩.૨૧ લાખની છેતરપિંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં રહેતા એક વેપારીનું અમદાવાદ મુકામે આવેલ મકાન માસિક ૨૪ હજારના ભાડા ઉપર રાખવાની વાત કરીને કોઈ અજાણ્યા શખ્સે એડવાન્સ ભાડું ગુગલ પેથી મોકલવાના બહાને વેપારીના ખાતામાંથી ૩.૨૧ લાખ ટ્રાન્સફર કરી લીધાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. જૂનાગઢના કોલેજ રોડ ઉપર નાની દાણાપીઠ સોસાયટીમાં રહેતા અને ગાંધીચોકમાં યોગી ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન નામે દુકાન ધરાવતા વેપારી સચિનભાઈ ગીરીશભાઈ તન્ના (ઉ.વ.૫૮)નું અમદાવાદમાં સાઉથ બોપલમાં મકાન આવેલું હોય જે મકાન ભાડે આપવા માટે તેઓએ વેબસાઈટ ઉપર જાહેરાત આપી હતી. જેમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર સચીનભાઈને કોઈ અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો. તે શખ્સે પોતે જીતેન્દ્રકુમાર બોલે છે અને પોતે ડીફેન્સ આર્મીમાં કર્મચારી હોવાની ઓળખ આપી મકાન ભાડે રાખવા વાતચીત કરીને ૨૪ હજાર ભાડું નક્કી કર્યું અને ભાડું એડવાન્સ મોકલવા માટે સચીનભાઈને ગુગલ પે રીકવેસ્ટ મોકલી બાદમાં ઓનલાઈન નેટ બેંકિંગની વિગતો મેળવી લીધી હતી અને બાદમાં સચીનભાઈના બેંકના ખાતામાંથી અલગ-અલગ ચાર બેંક એકાઉન્ટમાં કુલ ૩.૨૧ લાખ રૂપીયા ટ્રાન્સફર કરી લીધાનું સામે આવતા આજે સચીનભાઈએ જૂનાગઢ સાયબર સેલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# કેશોદનો યુવાન લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો : નાગપુરની યુવતી દાગીના લઈ છું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદતા.૧૨

કેશોદનો યુવાન લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો છે. મહારાષ્ટ્રના નાગપુરથી રૂા.૩,૩૫,૦૦૦ આપી સોગંદનામું કરીને પત્ની તરીકે કેશોદ આવ્યા બાદ યુવતીએ લગ્નના થોડા દિવસો બાદ મોબાઈલ ફોન, દાગીના લઈને નાગપુર કામ સબબ જવાનું કહી પરત જ ન આવતા યુવાન છેતરપિંડીનો ભોગ બન્યો હતો. આ અંગે પોલીસમાં એક મહિના પહેલા ફરિયાદી નોંધાવી છે પરંતુ હજુ સુધી પોલીસને કોઈ સગડ મળ્યા નથી. કેશોદના દુર્ગેશભાઈ ધામેચાનો તેઓની જ્ઞાતિના પરપ્રાંતીય યુવતીઓ સાથે લગ્ન કરાવવાની દલાલી કરતા ઘનશ્યામભાઈ અને ભવાનીએ ફરિયાદીના મોટાભાઈ રૂપેશભાઈ ધામેચાને વિશ્વાસમાં લઈ નાગપુર લગ્ન કરાવી આપવાની ખાતરી આપી હતી. ખર્ચે પેટે રૂપીયા દશ હજાર ત્રણેક મહિના અગાઉ લઈ ગયા બાદ ભોગ બનેલા યુવાન દુર્ગેશભાઈ ધામેચા અને પિતાને મહારાષ્ટ્રના નાગપુર લઈ જઈ ત્યાં પ્રીતી મનીષ વારજુકર, અર્ચના ચૈતુપુણે, સુરજ ગણપતરાવ ચૈતુપુણે અને મનીષ રમેશરાવ વારજુકર મળીને યુવાન સાથે લગ્ન માટે લલીતા એકનાથ ભાસ્કરે સાથે મુલાકાત કરાવી હતી. યુવાને લગ્ન માટે સહમતી આપતા તમામ દલાલો અને યુવતીએ પૈસાની માંગણી કરતા કેશોદ રાજકોટના દલાલો અને યુવતીએ પૈસાની માંગણી કરતા કેશોદ રાજકોટના દલાલોએ જવાબદારી લેતા રૂા.૩,૩૫,૦૦૦ આપી સોગંદનામું કરીને પત્ની તરીકે સાથે લાવી પરત કેશોદ આવ્યા હતા. લગ્નના થોડા દિવસો બાદ લલીતા એકનાથ ભાસ્કરે નાગપુર કામ સબબ જવાનું કહી મોબાઈલ ફોન દાગીના લઈ જતી રહ્યા બાદ પરત આવી ન હતી. છેતરપિંડીનો ભોગ બન્યાનું યુવાનને લાગતા તેણે ઘનશ્યામભાઈ અને ભવાની અને રૂપેશભાઈ ધામેચાનો હકિકત જણાવી હતી. પરંતુ આ લોકો નાણાંની ઉચાપત કરી રાજકોટ નાસી ગયા છે અને ટેલીફોનીક વાતચીત કરતા નાગપુર સ્થિત યુવતીએ ફરિયાદ નોંધાવી ફીટ કરી દેવાની ધમકી આપી વધુ અઢી લાખની માંગ કરતા યુવાનો લૂંટેરી દુલ્હન અને મળતીયાઓ સામે કેશોદ પોલીસ સ્ટેશનમાં એક મહિના પહેલા ફરિયાદ નોંધાવી છે. લૂંટેરી દુલ્હનના સાગ્રીતો દલાલોને ઓનલાઈન રકમ ચુકવી છે છતાં પોલીસે ગુનો દાખલ કર્યો નથી.

## કેશોદમાં પાણી પ્રશ્ને થયેલ મનદુઃખમાં પંચરની દુકાન સળગાવી રૂા.૨૫ હજારનું નુકસાન

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૧૨

કેશોદમાં પાણી પ્રશ્ને મનદુઃખ થતા પંચરની દુકાન સળગાવી અને રૂા.૨૫ હજારનું નુકસાન કર્યાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે કેશોદમાં ઈન્દિરાનગર, પાણીના ટાંકા પાસે, શેરી નં-૧૨માં રહેતા મિલનભાઈ હરીભાઈ પરમાર જાતે અનુ. જાતી(ઉ.વ.૪૨)એ જયદેવસિંહ ઉર્ફે જયલો કનુભા ચુડાસમા, જીગ્નેશ ઉર્ફે કોમલ નાથાભાઈ રાઠોડ રહે. બને કેશોદ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીની કેશોદ ઈન્દીરાનગરના નાકે પંચરની દકુાન આવેલ હોય ત્યાં આ કામના આરોપીઓ જઈ ફરીયાદીને કહેલ કે પાણી આપ અમારે બાથરૂમ જાવું છે તેવું કહેતા ફરીયાદીએ ખાલી બોટલ લાવવા જણાવતા આ કામના આરોપીઓએ ફરીયાદી પાસે રહેલ પાણીનું કેન માંગતા ફરીયાદીએ ઈન્કાર કરતા આ કામના આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નં-૧એ ફરીયાદીને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી ફરીયાદીની પંચરની દુકાન સળગાવવાની ધમકી આપી ફરીયાદી ત્યાંથી ઘરે જતા હોય ત્યાં બંને આરોપીઓ રસ્તામાં મળી ફરિયાદીને કહેલ કે આજે રાત્રે તારી દુકાન સળગાવી નાખીશું તેવું કહી રાત્રીના ફરીયાદીની પંચરની દુકાન તથા તેમાં રહેલ આશરે ૨૫૦૦૦નો માલ સળગાવી નાખી નાકશ કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૩૬, ૧૧૪, એટ્રોસીટી એકટ કલમ ૩(૧)(આર)(એસ)૩(૨)૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ કેશોદના નાયબ પોલીસ અધિકારી બી.સી. ઠક્કર ચલાવી રહ્યા છે.